**સુવિચાર**

''આકાશમાં નાખે તો ઊડવાનું, દરિયામાં નાખે તો તરવાનું, અને જમીનમાં દાટે તો ઊગવાનું.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૧/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા સુદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૦૩૯




## કપોળ બોર્ડિંગ તરફનાં માર્ગમાં કામ શરૂ હોવાથી

# અમરેલીનાં નાગનાથ ચોકમાં ટ્રાફિક સમસ્યા બની વિકરાળ

**એક તરફ ઓટો રિક્ષા અને ખાનગી ઈકો કારનો જમાવડો તો બીજી બાજુ કેબિનોની હારમાળા**

**પાલિકા કચેરી નજીકમાં હોય તે દીવાલે પાથરણા, વાહનોનું પાર્કિંગ પણ જોવા મળે**

**પૂ. ભોજલરામ મંદિરથી પાલિકા તરફ જતી એસ.ટી. બસને વળાંક લેવામાં પરેશાની**

**ટ્રાફિકનાં જવાનો પાલિકા તરફ જતો માર્ગ ખુલ્લો કરાવે તો સમસ્યા હળવી થાય**






અમરેલી, તા. ૨૮

અમરેલીનાં હાર્દસમા હરિરામબાપા ચોકથી લઈને મુળદાસ ચોક સુધીનાં ૨૦૦ થી ૩૦૦ મીટરની જગ્યામાં નાગનાથ મંદિર, નાગનાથ બસ સ્ટેન્ડ, પાલિકા કચેરી અને બેથી ત્રણ જેટલી બેન્કો હોવાથી ટ્રાફિક સમસ્યાએ વિકરાળરૂપ ધારણ કર્યુ છે. અધુરામાં પુરૂ હરિરામબાપા ચોકથી બિનાકા ચોક તરફ જતાં માર્ગનું કામ શરૂ હોવાથી તમામ નાના–મોટા વાહનો નાગનાથ મંદિર અને નાગનાથ બસ સ્ટેન્ડ વચ્ચેનાં માર્ગ તરફથી બિનાકા ચોક તરફ અવરજવર કરે છે.

દરમિયાનમાં નાગનાથ બસ સ્ટેન્ડની સામે ઓટો રિક્ષા અને ખાનગી ઈકો કારનો જમેલો, પાલિકા કચેરીની દીવાલ નજીક પણ વાહનોનું પાર્કિંગ, ફેરિયાઓ ધ્વારા દબાણ અને સામેની બાજુ કારનું પાર્કિંગ તેમજ એક

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ઉત્તરપ્રદેશનાં લખનૌમાં રહેતી એક યુવતી સહિતનાં આરોપીઓ દ્વારા

# બાબરાનાં નવાણીયા ગામનાં સ્ટોનક્રશર ચલાવનાર મહેશ ભાયાણી સાથે રૂપિયા ૯૨.૭૫ લાખની ઠગાઈ

**૧૧ ઓક્ટોબરથી ૩ જાન્યુઆરી સુધીમાં અલગ–અલગ રકમ પડાવી લીધી**

અમરેલી, તા. ૨૮

ઉત્તરપ્રદેશના લખનઉમાં રહેતી નેહા શર્મા તથા https://m.kdeonegold.vip/#/pages/mine/mine માંથી ખૂલેલ વેબસાઈટ/પ્લેટફોર્મ બનાવનાર/ચલાવનાર તથા રોકાણના રૂપિયા જમા કરાવેલ તે બેંક ખાતા ધારકો સહિતનાં આરોપીઓએ સાથે મળી એકસંપ થઈ ગુન્હાહિત કાવતરૂ રચી એકબીજાની મદદગારીથી બાબરા તાલુકાના નવાણીયા, ભાયાણી શેરીમાં રહેતાં અને ઉંટવડ ગામે જય ખોડિયાર એન્ટરપ્રાઈઝ નામથી સ્ટોન ક્રશર (ભરડીયો) ચલાવતાં મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી નામનાં પર વર્ષીય વેપારીને આરોપીઓએ તેની સામે પુરતું વળતર કે રોકાણ કરેલ મૂળ રકમ પણ પરત વેપારીને નહી આપી અને તેમની પાસેથી તા. ૧૧/૧૦/૨૫ થી તા. ૩/૧/૨૬ના સમયગાળા દરમ્યાન અલગ અલગ તારીખે અલગ–અલગ બેંક ખાતા તેમજ યુપીઆઈમાં અલગ અલગ રકમના ટ્રાન્જેકશન કરાવડાવી વેબસાઈટ/પ્લેટફોર્મમાં યુએસડીટીમાં રોકાણ કરાવડાવી અને તેમાં ઉંચું પ્રોફીટ અપાવવાની લાલચ આપી હતી કુલ રૂા. ૯૨,૭૫,૫૧૪ મેળવી લઈ ફરિયાદીને કોઈ લાભ કે રૂપિયા પરત નહી આપી ઠગાઈ કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.















## શહેરનાં ક્રીમ વિસ્તારમાંથી ઉકરડા દૂર કરવામાં ઠાગાઠૈયા

# અમરેલીનાં રહેણાંક વિસ્તારમાં ગંદકી અને ગાયોનો જમાવડો

**પાલિકા પ્રમુખથી લઈને સૌ કોઈને અવારનવાર રજૂઆત છતાં કોઈ કામગીરી જ થતી નથી**

**કોમન પ્લોટમાં છેલ્લા ૩ મહિનાથી સ્ટ્રીટલાઈટનાં પોલ પણ લગાવાતા નથી**

**રજૂઆત દરમિયાન માત્ર થઈ જશે, કરીએ છીએ, કરી આપીશું તેવું ગીત ગવાઈ રહ્યું છે**

**ક્રીમ વિસ્તારનાં દરેક પરિવારો તમામ પ્રકારનાં કરવેરા નિયમિત ભરે છતાં સુવિધા અપાતી નથી**





અમરેલી, તા. ૨૮

અમરેલીનાં ક્રીમ વિસ્તાર ગણાતા શિવપાર્ક, યમુના પાર્ક વિસ્તારમાં છેલ્લા ઘણા મહિનાઓથી રખડતી ગાયો, ગંદકી, સાર્વજનિક પ્લોટમાં અંધારપટ્ટ સહિતની સમસ્યાઓ વિકરાળ બની હોય પાલિકાનાં શાસકો માત્ર આશ્વાસન આપીને સંતોષ માની રહ્યા છે.

ઉપરોકત વિસ્તારનાં દરેક પરિવારો પાલિકાથી લઈને રાજય અને કેન્દ્ર સરકારને ભરવાનાં થતાં તમામ કરવેરા નિયમિત ભરતાં હોવાથી શાસકોની નૈતિક ફરજ બને છે કે દરેક પરિવારને સ્વચ્છતા, સુરક્ષા સહિતની તમામ સુવિધા આપવી જોઈએ.

આ અંગે પાલિકા પ્રમુખ, રોશની સમિતિ, આરોગ્ય સમિતિમાં અવારનવાર રજૂઆત કરવામાં આવી છતાં સ્વચ્છતા થતી નથી. સાર્વજનિક પ્લોટમાં સ્ટ્રીટલાઈટ લગાવાતી નથી અને રખડતા શ્વાન અને ગાયોની સમસ્યા દૂર કરાતી નથી.

સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, આ વિસ્તારનાં મતદારો ભાજપની સૌથી વધુ મજબુત વોટબેન્ક હોવા છતાં ભાજપ શાસિત પાલિકાનાં સત્તાધીશો અન્યાય કરી રહ્યા હોય રાજયમંત્રી કૌશિક વેકરિયાને આ બાબતે રજૂઆત કરવામાં આવશે.

## સ્થાનિકોએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ

# અમરેલીનાં સરકારવાડા વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવા માંગ ઉભી થઈ

**ગરીબ અને મધ્યમવર્ગને સ્થળાંતર કરવુ મુશ્કેલ**

અમરેલી, તા. ૨૮

અમરેલીનાં સરકાર વાડા વિસ્તારમાં વર્ષોથી રહેતા હિન્દુ પરિવારોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદન પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરના સરકારવાડા વિસ્તારમાં રામજીમંદિર આવેલ છે. જે ખુબ જ પૌરાણીક મંદિર છે. અને અહીં રામજી મંદિરની બાજુમાં આવેલ પંચમુખી હનુમાન દાદાનું મંદિર પણ આવેલુ છે. અને સરકારવાડા વિસ્તાર અમરેલી શહેરની મધ્યમાં આવેલ છે.

સરકારવાડા વિસ્તારમાં રામજી મંદિર પાસે અને રામજી મંદિર પાછળનો ભાગ, રામજી મંદિર પાસે આવેલ પંચમુખી હનુમાનજી દાદાના મંદિર પાસે અડીને પાંચ દુકાન અને પંચમુખી હનુમાન દાદાનાં મંદિરની પાછળનો ભાગ, ફેમસ કરિયાણા સ્ટોર્સ (લીમડાનું ઝાડ પાસે છે તે દુકાન)ની સામેની ગલ્લી ગીરધરભાઈ સંગ્રહાલય (બાલભવન) પાસે અને જુનુ ગણપતિ દાદાના મંદિરની ગલ્લી, ગણપતિ દાદાની મંદિરની સામેની ગલ્લી જે સાવરકુંડલા વાળી ગલ્લી કહેવાય છે તે ગલ્લી, લાઈબ્રેરી રોડથી શાકમાર્કેટ અને ત્યાં રામજી મંદિર ચોક પાસેથી હરી રોડ તરફ જવામાં ત્રણથી ચાર ગલ્લી આવેલ છે. તથા સેવક મંડળ દવાખાના પાસે ગલ્લી છે તે, જયશ્રી વિડીયો પાસે અને જયશ્રી વિડિયો સામેની ગલ્લી, હરીરોડ, મીરા આર્કેટ પાસે અને મીરા આર્કેટ પાછળનો ભાગ, એસ.બી.આઈ. બેન્ક લાઈબ્રેરી બ્રાંચની સામેની ગલ્લી, રામજી મંદિરથી જુના નાના બસ સ્ટેશન તરફ જવાય છે તે બોમ્બે ગલ્લી કહેવાય છે તે ગલ્લીની દુકાનો તથા ડબી ફળયુ કહેવાય છે તે ગલ્લી આ તમામ સરકારવાડા વિસ્તારના ભાગ છ.

વધુમાં જણાવેલ છે કે, આ તમામ ભાગમાં લઘુમતી જ્ઞાતિનો વસવાટ ખુબજ વધી રહ્યો છે આ લઘુમતી જ્ઞાતિના લોકો અહી મિલકત ખરીદી વસવાટ કરવા લાગ્યા છે અને આ લઘુમતી જ્ઞાતિના લોકોની મિલકત ખરીદી અને વસવાટના કારણે અહી રહેતા હિન્દુભાઈઓને રહેવું મુશ્કેલ છે.અને આ લઘુમતી જ્ઞાતિનો વસવાટ વધી રહયો છે આ સમસ્યાના નિવારણ માટે કોઈ આગળ નથી આવતુ કારણકે ડરે છે આ લઘુમતી જ્ઞાતિની મિલકત ખરીદી અને વસવાટ વધવાના કારણે અહીંથી અમુક હિન્દુ ભાઈઓ પોતાના ઘરો દુકાનો વહેંચી બીજે રહેવા ચાલ્યા ગયા છે. આમા જેની પાસે પૈસા છે તે બીજી જગ્યાએ ઘર દુકાન લઈ રહેવા અને બીજી જગ્યાએ ધંધો કરવા ચાલ્યા ગયા છે જેની પરીસ્થિતી બીજુ ઘર લેવાની નથી તે કયાં જાય અને મુંગા મોઢે આ લઘુમતી જ્ઞાતિની મિલકત ખરીદી વસવાટના કારણે ત્રાસ સહન કરી રહે છે કારણકે તે કયાં જાય આ તો જે આ લઘુમતિ જ્ઞાતિના લોકો પાસે રહે તેને ખબર હોય કે કેટલો ત્રાસ છે. અહી જો અશાંત ધારો વહેલી તકે લગાવવામાં નહી આવે તો આ લઘુમતિ જ્ઞાતિનો વસવાટ અને તેની વસ્તી વધતી જશે અને આનો ત્રાસ પણ વધતો જશે અને આ લઘુમતિ જ્ઞાતિની વસ્તીને અત્યારથીજ સરકારવાડા વિસ્તારમાં રોકવામાં નહી આવે તો આ લઘુમતિ જ્ઞાતિની વસ્તી આગળને આગળ ઘરો લેવા માંડશે આજ આ વિસ્તારમાં છે તો કાલે ચિતલ રોડ, માણેકપરા, લાઠીરોડ, લીલીયા રોડ વગેરેમાં પણ આ લઘુમતિ જ્ઞાતિની વસ્તીનો વસવાટ વધવા માંડશે. ટાવર પાછળ ચોરાપા વિસ્તાર છે તેની સ્થિતી અત્યારે જોવો એક સમયમાં જયાં હિન્દુભાઈઓ જ રહેતા હવે હાલ આ લઘુમતી જ્ઞાતિનો વસવાટ થઈ ગયેલ છે.

સરકારવાડા વિસ્તારમાં પૌરાણીક રામજી મંદિર અને પંચમુખી હનુમાન દાદાનું મંદિર આવેલ છે. જયાં રામ નવમી, હનુમાન જયંતિ, ગુરૂ પુર્ણિમાં, ગણેશ ઉત્સવ વગેરે તહેવારો ઉજવાઈ છે. ભવિષ્યમાં કોઈ સુલેહશ શીતનો ભંગ ન થાય તે ધ્યાને લઈ આ અરજ અમો આપને કરી રહયા છીએ તાજેતરમાં બીજા મોટા શહેરોની પીરસ્થિતિએ જોતા આ અશાંતધારાના અમલીકરણની સત્વરે જરૂરીયાત ઉભી થયેલ છે. તેમ અંતમાં જણાવેલ છે.

# બાબરાના નવનિયુકત પી.આઈ. શેઠનું સમતા સૈનિક દળ (SSD) દ્વારા ભાવભર્યુ સન્માન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરા પોલીસ સ્ટેશનમાં નવનિયુક્ત પોલીસ ઈન્સ્પેકટર તરીકે ચાર્જ સંભાળનાર શેઠનું સામાજિક અગ્રણીઓ દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું છે. ડો.બાબાસાહેબ આંબેડકર દ્વારા સ્થાપિત ઐતિહાસિક સંગઠન 'સમતાસૈનિક દળ' (SSD)ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને નિવૃત એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ પી.એલ. મારૂની આગેવાનીમાં પી.આઈ.નું વિશેષ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે સમતા સૈનિક દળના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ પી.એલ. મારૂ, અનુસૂચિત જાતિ અમદાવાદ શહેરના પ્રમુખ અરવિંદભાઈ પરમાર તેમજ બાબરા નગરપાલિકાના સદસ્ય નરેશભાઈ મારૂએ પી.આઈ. શેઠને શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા અને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા.

સ્વાગત વિધિ બાદ યોજાયેલી બેઠકમાં મહાનુભાવો દ્વારા પી.આઈ. સાથે બાબરા તાલુકાની ભૌગોલિક તાસીર અને સ્થાનિક લોકપ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે, સુલેહ–શાંતિનું વાતાવરણ કાયમ રહે અને સામાન્ય જનતાને પોલીસ પ્રશાસન તરફથી ત્વરિત ન્યાય મળે તેવા હેતુ સાથે સૌ અગ્રણીઓએ પી.આઈ.ને શુભેચ્છાઓ પાઠવી હતી.

બદલી થઈને નવા આવેલા પી.આઈ. શેઠનું આ સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને તાલુકાની શાંતિ અને સલામતી માટે કટિબદ્ધતા દર્શાવી હતી. આ મુલાકાતથી પોલીસ અને સામાજિક સંગઠનો વચ્ચેના સેતુ વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

## કડકડતી ઠંડીનાં માહોલમાં ચોરીનું પ્રમાણ વધ્યુ

# તસ્કરો બેફામ : જાફરાબાદનાં કાગવદરમાં ખેડૂતનાં મકાનમાંથી ૬.૭૯નાં મુદ્દામાલની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**



અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં પડી રહેલી કડકડતી ઠંડીના કારણે તસ્કરોને જાણે મોકળું મેદાન મળી ગયું હોય તેમ ઉપરા ઉપરી ચોરીના બનાવો બનતાં હોય છે. ત્યારે જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે તળાવ પાસે એક ખેડૂતનાં રહેણાંક મકાનમાંથી સોના–ચાંદીના દર–દાગીના આશરે કિંમત રૂપિયા ૬,૭૯,૧૫૦ના કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે તળાવ પાસે રહેતાં શિવાભાઈ દડુભાઈ વાવડીયા નામનાં ૩૨ વર્ષીય એક ખેડૂતનાં રહેણાંક મકાને ગત તા. ૨૬ના રાત્રીનાં ૧૧:૩૦ થી તા. ૨૭ના સવારે ૬ વાગ્યા સમય દરમિયાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે ખેડૂતના રહેણાંક મકાનના રૂમનું તાળુ તોડી રૂમમાં રહેલ એક કબાટનું ખાનુ તોડી તેમાં રહેલ સ્ટીલની પેટીમાં પડેલાં સોના–ચાંદીના દર–દાગીના આશરે કિંમત રૂપિયા ૬,૭૯,૧૫૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે.

## ''બેટી બચાવો, બેટી પઢાઓ'' યોજના અંતર્ગત

# અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને 'કોફી વીથ કલેકટર' કાર્યક્રમ યોજાયો

**દીકરીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરે તે માટે માર્ગદર્શન અપાયુ**



અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે 'બેટી બચાવો, બેટી પઢાઓ' યોજના હેઠળ જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને 'કોફી વીથ કલેકટર' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી દીકરીઓ સાથે જિલ્લા કલેકટરએ પ્રેરણાત્મક સંવાદ સાધ્યો હતો.

કેન્દ્ર સરકાર અને રાજય સરકાર ધ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં દીકરીઓ ભાગ લે ઉપરાંત પરીક્ષાઓમાં સફળ તા પ્રાપ્ત કરી શકે તે માટે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ ધ્વારા વિસ્તૃત માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા કલેકટરના હસ્તે લાભાર્થીઓને દીકરી વધામણા કીટ, હાઈજીન કીટ, શિક્ષણ કીટ, વ્હાલી દીકરી યોજના હેઠળ મંજૂરી હુકમનું વિતરણ કરવામાં આવ્યુ હતું. સાથે સરકારની વિવિધ લોક કલ્યાણલક્ષી અને મહિલાલક્ષી યોજનાઓ વિષયક માહિતી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, સમગ્ર કાર્યક્રમ જિલ્લા મહિલાઅને બાળ અધિકારીની કચેરી ધ્વારા યોજાયો હતો.

## ૭૭ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે

# બગસરા શહેરમાં હોમગાર્ડનાં જવાનોને સન્માનિત કરાયા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૨૮

દેશના ૭૭મા પ્રદાસતાકદિન નિમીતે દેશભરમા વિવિધ રંગારંગ કાયઁક્રમોના આયોજન કરવામા આવેલ ત્યારે શિવાગ્રુપ–બગસરા દ્વારા ૭૭મા પ્રજાસતાક દિને અમરેલી જીલ્લા હોમગાડઁમા બગસરા યૂનિટના જીતેન્દ્રભાઈ બોરીચા તથા ભિખૂભાઈ સાભાડને મૂખ્યમંત્રી ચંદ્રક મેળવવા પસંદગી થતા સન્માનિત કરવામા આવેલ.

આ તકે બગસરા પીઆઈ, ગીડા, પીએસઆઈ ગઢવી શિવા ગ્રૂપ પ્રમુખ નિતેષ ડોડીઆ, હરેશભાઈ રાઠોડ, નિલેશભાઈ સરવૈયા સહિતની બગસરા હોમગાર્ડના જવાનો સહિતની ઉપસ્થીત રહી મોમેન્ટોથી સંન્માનિત કરી અભિનંદન પાઠવવામા આવેલ.

## મુડીવાદનાં માહોલમાં પ્રમાણિકતા જોવા મળી

# માનવતાની મહેક : બાબરાના ઉંટવડનાં સરપંચે ખાતામાં ભુલથી આવી ગયેલ રકમ પરત કરી

**માધુપુરનાં ખેડૂતનાં રૂપિયા ભુલથી આવી ગયા**

બાબરા, તા. ૨૮

આજના ભૌતિકવાદી યુગમાં પણ માનવતા અને પ્રમાણિકતાના દર્શન કરાવતો કિસ્સો બાબરા પંથકમાં સામે આવ્યો છે. જેમાં ઉટવડ ગામના સરપંચે પોતાના બેન્ક ખાતામાં ભૂલથી જમા થયેલા લાખો રૂપિયા સામે ચાલીને તેના સાચા હકદારને પરત કરી લોકશાહીના પ્રતિનિધિ તરીકે ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, માધુપુર ગામના રહેવાસી રમેશભાઈ છગનભાઈ ખૂંટ નામના ખેડૂતે સરકારમાં ટેકાના ભાવે મગફળીનું વેચાણ કર્યુ હતું. આ મગફળીના વેચાણના નાણાં ઓનલાઈન જમા થતી વખતે નામની સમાનતાને કારણે ટેકનિકલ ક્ષતિ સર્જાઈ હતી. પરિણામે, માધુપુરના ખેડૂતના આ રૂપિયા ઉટવડ ગામના ખેડૂત અને સરપંચ રમેશભાઈ છગનભાઈ ખૂંટના એસ.બી.આઈ.બેન્ક, બાબરા શાખાના ખાતામાં જમા થઈ ગયા હતા. પોતાના



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ખાતામાં અચાનક આવેલી રકમ પોતાની મહેનતની નથી તેવું જણાતા જ ઉટવડના સરપંચ રમેશભાઈએ ત્વરિત નૈતિકતા દાખવી હતી. તેમણે આ અંગે ગામના અગ્રણી ગૌતમભાઈ બસિયાને જાણ કરી હતી અને સાચા માલિકની શોધ કરી હતી. ત્યારબાદ, ઉટવડના સરપંચ રમેશભાઈ ખૂંટ અને આગેવાન ગૌતમભાઈ બસિયા સહિતના આગેવાનો બાબરા એસ.બી.આઈ. બેન્ક ખાતે પહોંચ્યા હતા.

બેન્ક કર્મચારીઓની હાજરીમાં માધુપુર ગામના રમેશભાઈ છગનભાઈ ખૂંટને બોલાવી, તેમના મગફળીના રૂપિયા પરત સોંપીને પ્રમાણિકતાનું ઉમદા ઉદાહરણ પૂરૂં પાડયું હતું.

પોતાની પરસેવાની કમાણી સુરક્ષિત રીતે પરત મળતા માધુપુરના ખેડૂતે ઉટવડના સરપંચ અને આગેવાનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. એક જ નામના બે વ્યક્તિઓ વચ્ચે બેન્કની ક્ષતિને કારણે સર્જાયેલી આ મુંઝવણનો સુખદ અંત આવતા પંથકના લોકોએ સરપંચ રમેશભાઈની આ ઉમદા કામગીરીને બિરદાવી છે.

## બગસરાનાં જાગૃત નાગરિક દિનેશભાઈ હડીયલનો આક્ષેપ

# લ્યો બોલો : પીજીવીસીએલનાં પોલમાં ખાનગી હોર્ડિંગ લગાવવાનુ કૌભાંડ ?

**કૌભાંડ કરવુ હોય એ ગમે તે માર્ગ શોધી કાઢે તેમ વીજપોલમાં હોર્ડિંગ લગાવવાનાં નવતર કૌભાંડનો નવો આક્ષેપ**

**અમુક વીજકર્મી દર મહિને અમુક રકમનાં ઉઘરાણા કરતા હોવાનાં આક્ષેપથી ચકચાર મચી**

**પીજીવીસીએલનાં ઉચ્ચ અધિકારી દ્વારા આ બાબતે તપાસ કરવામાં આવે તે જરૂરી**

**જો કે અમરેલીમાં પણ અનેક વીજપોલ ઉપર ખાનગી કંપનીની જાહેરાતનાં હોર્ડિંગ જોવા મળે છે**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨૮

બગસરા ખાતે પીજીવીસીએલનાં વીજપોલમાં ખાનગી વ્યાપારીનાં જાહેરાત માટેનાં હોર્ડિંગ લગાવવાનું કૌભાંડ ચાલતું હોવાનો આક્ષેપ જાગૃત નાગરિક દિનેશભાઈ હડીયલે કરતાં ચકચાર મચી હોય પીજીવીસીએલનાં ઉચ્ચ અધિકારીઓ આ બાબતે તટસ્થ તપાસ કરી દૂધનું દૂધ ને પાણીનું પાણી કરે તે જરૂરી બન્યુ છે.

બગસરા પીજીવીસીએલ દ્વારા ગેરકાયદેસર રીતે પીજીવીસીએલના થાંભલા પર જાહેરાતના બોર્ડ જોવા મળ્યા છે. મળતી વિગત મુજબ બગસરા પીજીવીસીએલએ તો માઝા મૂકી છે જાહેરાતના બોર્ડ મુકેલા જોવા મળ્યા છે. અલગ અલગ જગ્યાએ થાંભલા ઉપર ગેરકાયદેસર રીતે પીજીવીસીએલનું કૌભાંડ છતું થયું છે. તાજેતરમાં જ પીજીવીસીએલના એન્જિનિયરની ઘોર બેદરકારી જોવા મળી છે. બગસરાના જાગૃત નાગરિક દિનેશભાઈ હડીયલ દ્વારા માહિતી એકત્રિત કરી ત્યારે તેમણે જણાવ્યું હતું કે પીજીવીસીએલ અને નગરપાલિકા સાથે સેટીંગ કરી ગેરકાયદેસર રીતે આવા જાહેરાતના બોર્ડ મૂકી મોટું કૌભાંડ કરવાનું ષડયંત્ર કરેલ છે. તાજેતરમાં નગરપાલિકા પાસે આ થાંભલા અને બોર્ડ મુકવા અંગે માહિતી માંગેલ જેને અનુસંધાને તેમને માહિતી આપવામાં આવી હતી કે પીજીવીસીએલના થાંભલા ઉપર આ બોર્ડ મૂકી ફિકસ દર મહિને પૈસા ઉઘરાવવાનું ષડયંત્ર જાણવા મળેલ છે તેમ પ્રેસ મીડિયાને જણાવ્યું હતું તેમજ આ બાબતે સરકારમાંથી તપાસ કરવામાં આવે તો પીજીવીસીએલના અધિકારીઓ તેમજ આની સાથે જોડાયેલ કર્મચારીઓ બદલી સાથે સસ્પેન્ડ થાય તોય નવાઈ નથી અને આ બાબતે તપાસ કરવાની આવે તો નાછૂટકે કોર્ટના દરવાજા ખખડાવવા પડશે તે માટે દિનેશભાઈ હડિયલે પ્રેસ મીડિયાને જણાવેલ છે.

જો કે અમરેલીનાં રાજમહેલ પટાંગણમાં પણ વીજપોલમાં ખાનગી સંસ્થાએ જાહેરાતનું હોર્ડિંગ મહિનાઓથી લગાવી દીધલ હોય કોઈ વીજ અધિકારી આ બાબતે કેમ કશી કાર્યવાહી કરતા નથી તે પણ તપાસનો વિષય છે.

## પ્રદેશ કિસાન સંઘ કાર્યાલય ખાતે પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરાની મુલાકાત



અમરેલી, તા. ૨૮

આજરોજ ગાંધીનગર ખાતે પ્રદેશ કિસાન સંઘ કાર્યાલય ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેન હિરપરાએ શુભેચ્છા મુલાકાત લીધી આ તકે કિસાન સંઘના પ્રદેશ મહામંત્રી આર.કે. પટેલે હળની પ્રતિમા આપીને સન્માન કરેલ.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૯,પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪






શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદિક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363












લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS
૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી
₹. 6500
WITH OTT
50 MBPS
૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી
₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01




### વિમાનમાં કુલ ૫ લોકો હતા સવાર

# મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું પ્લેન ક્રેશમાં નિધન

## પવાર મુંબઈથી બારામતી રાજકીય કાર્યક્રમમાં જઈ રહ્યા હતા ત્યારે દુર્ઘટના સર્જાઈ : અજિત પવારના મૃતદેહની ઓળખ તેમના કપડા-ઘડિયાળ દ્વારા થઈ

મુંબઈ, તા.૨૮

બુધવારે સવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન બારામતીમાં ક્રેશ થયા બાદ તેમનું નિધન થયું છે. આ વિમાનમાં કુલ ૬ લોકો સવાર હતા. પ્લેનમાં સવાર તમામ લોકોના મોત થઈ ગયા છે. તેઓ મુંબઈથી બારામતી રાજકીય કાર્યક્રમમાં જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. લેન્ડિંગ સમયે પ્લેન ક્રેશ થયું હતું અને પ્લેન ક્રેશ થયા બાદ ફ્યુઅલ ટેંકમાં ધડાકો થયો હતો. વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું મોત થયું છે. વિમાનમાં સવાર ૫ લોકોના મોતની DGCAએ કરી પુષ્ટી કરી હતી. ડીજીસીએ કહ્યું હતું કે વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સહિત ૫ લોકોના મોત થયા છે.

આ ઘટના બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ સહિતના નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. PM મોદીએ ઘટના અંગે X પર લખ્યું છે કે, "મહારાષ્ટ્રના બારામતીમાં બનેલી વિમાન દુર્ઘટનાની ઘટનાથી દુઃખી છું. મારી સંવેદનાઓ તે બધા લોકો સાથે છે જેમણે આ દુર્ઘટનામાં પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે. આ ઊંડા દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારોને શક્તિ અને હિંમત મળે તે માટે પ્રાર્થના કરું છું."

આ અકસ્માત તેમના બારામતીમાં થયો હતો. અજિત પવાર પવાર પરિવારના ગઢ તરીકે ઓળખાતા પ્રદેશ બારામતીના ધારાસભ્ય છે. અકસ્માત બાદ વિમાનમાંથી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. અગાઉ એવા અહેવાલો હતા કે વિમાન દુર્ઘટનામાં તેઓ ઘાયલ થયા છે, પરંતુ તે પછી માહિતી સામે આવી છે કે તેમનું નિધન થઈ ગયું છે. અજિત પવાર ચાર્ટર પ્લેન દ્વારા બારામતી જઈ રહ્યા હતા. અકસ્માત બાદ વિમાનમાં આગ લાગી ગઈ હતી. અજિત પવાર બુધવારે બારામતીમાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા. ઘટના સ્થળ પરથી તે તસવીરો સામે આવી રહી હતી તેમાં દેખાય છે કે વિમાન ખેતરમાં પડેલું છે. જેમાંથી ધૂમાડો નીકળી રહ્યો હતો અને વિમાન જમીન પર પડ્યા બાદ ફ્યુઅલ ટેંકમાં આગ લાગ્યા બાદ મોટો ધડાકો થયો હતો અને આગ બાદ ચારે તરફ ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા. અજિત પવારના મૃતદેહની ઓળખ તેમના કપડા અને ઘડિયાળ દ્વારા કરવામાં આવી હતી. ઘડિયાળ તેમની છેલ્લી ઓળખ સાબિત થઈ. આનાથી અકસ્માત કેટલો ભયાનક હતો તેનો અંદાજ લગાવી શકાય છે.

અચાનક બનેલી આ ઘટનાને જોઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વિમાનમાં કોઈ જીવિત હોય તો તેમને બચાવવાના પ્રયાસો કર્યા હતા. વિમાન ક્રેશ થયા બાદ તેના પાર્ટ્સ ખેતરમાં વિખેરાયેલા પડ્યા હતા. આ ઘટના બારામતી એરપોર્ટથી લગભગ ૩-૪ કિલોમીટર પહેલા બની હોવાનું મનાઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીએ શરદ પવાર જોડે વાતચીત કરીને તેમને સાંત્વના આપી હતી.

આ સાથે અજિત પવારની આવતીકાલે ૨૯ જાન્યુઆરીના રોજ ૧૧ વાગ્યે અંતિમવિધિ કરવામાં આવશે તેવો નિર્ણય લેવાયો છે.

અજિત પવારનો જન્મ અહેમદગઢના દેવલાલી પ્રવરામાં ૨૨ જુલાઈ ૧૯૫૯એ થયો હતો. તેઓ ૬૬ વર્ષના હતા અને મહારાષ્ટ્રના રાજકારણમાં તેમનું કદ ખાસ્સું મોટું હતું. તેઓ મહારાષ્ટ્રના સૌથી લાંબો સમય ડેપ્યુટી સીએમ રહી ચૂક્યા છે. અજિત પવારે વર્ષ ૧૯૮૫માં સુનેત્રા પવાર સાથે લગ્ન કર્યા હતા અને તેમના બે દીકરા જય પવાર અને પાર્થ પવાર છે.ખરાબ હવામાનને અકસ્માતનું મુખ્ય કારણ ગણાવવામાં આવી રહ્યું છે. આ પ્રશ્ન એ ઉભો કરે છે કે આટલા ખરાબ હવામાન દરમિયાન વિમાન ક્રેશ થવા પાછળ કયા પરિબળો જવાબદાર હોઈ શકે છે. એવિએશન એક્સપર્ટના જણાવ્યા પ્રમાણે, ખરાબ હવામાનમાં પ્લેન ક્રેશ થવામાં એક નહીં અનેક ફેક્ટર જવાબદાર હોય શકે છે. જોકે, પ્લેન ક્રેશનું અસલ કારણ શું હતુ તે તો ડાયરેક્ટોરલ જનરલ ઓફ સિવિલ એવિએશન અને એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશનની તપાસ પછી જ ખબર પડશે. એક મહિલા પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, સવારે વિમાન બારામતી હવાઈ પટ્ટી પર ચક્કર લગાવતું જોવા મળ્યું હતું. તેણીએ જણાવ્યું હતું કે લેન્ડિંગ દરમિયાન, વિમાન સંતુલન ગુમાવી બેઠું હતું અને ખૂબ જ જોરથી જમીન પર અથડાયું હતું.

વિમાન જમીન પર અથડાતાં જ એક જોરદાર વિસ્ફોટ થયો હતો, જેનો અવાજ આસપાસના વિસ્તારમાં સંભળાયો હતો. વિમાન ક્રેશ થયા પછી વિમાનના ટુકડા હવામાં ઉડ્યા અને નજીકના ઘરોમાં પડ્યા, જેનાથી સ્થાનિક લોકો ભયભીત થઈ ગયા હતા.આ દરમિયાન, અજિત પવારના પત્ની સુનેત્રા પવાર અને તેમના બાળકો પાર્થ અને જય દિલ્હીથી બારામતી જવા માટે રવાના થયા હતા. આ દરમિયાન, રોહિત પવાર હોસ્પિટલમાં પહોંચ્યા છે જ્યાં અજિત પવારનો મૃતદેહ રાખવામાં આવ્યો છે. આ દરમિયાન, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલનાથ અને દિગ્વિજય સિંહ સહિત મધ્ય પ્રદેશના અનેક નેતાઓએ બુધવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કર્યો.

### આ હૃદયદ્રાવક છે, મારું હૃદય સુન્ન થઈ ગયું: ફડણવીસ

# અજિત પવારના નિધન પર મહારાષ્ટ્રમાં ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર

## એકનાથ શિંદેએ અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કરતા કહ્યું, "મહારાષ્ટ્ર માટે આ એક દુર્ભાગ્યપૂર્ણ દિવસ છે

મુંબઈ, તા.૨૮

મહારાષ્ટ્રના બારામતીમાં એક મોટી વિમાન દુર્ઘટના બની છે. નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું હતું. અકસ્માતમાં અજિત પવારનું નિધન થયું હતું. આ અકસ્માતના સમાચાર સામે આવતા જ બારામતી સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. પ્રધાનમંત્રીમોદી અને ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ફડણવીસ પાસેથી આ ઘટના અંગે વ્યક્તિગત રીતે પૂછપરછ કરી હતી. આ વિમાન દુર્ઘટનામાં કુલ પાંચ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અજિત પવારના નિધન પર ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ તેમના સાથી અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કરતા કહ્યું, "મહારાષ્ટ્ર માટે આ એક દુર્ભાગ્યપૂર્ણ દિવસ છે. મારા અને સમગ્ર મહારાષ્ટ્ર માટે આ એક દુઃખદ ઘટના છે. અજિત દાદા પોતાના વચનના પાકા હતા. જ્યારે હું મુખ્યમંત્રી હતો અને તેઓ નાયબ મુખ્યમંત્રી હતા ત્યારે અમે એક ટીમ તરીકે કામ કર્યું. એક ટીમ તરીકે અમે લાડલી બહેન યોજના શરૂ કરી અને અજિત દાદાએ તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી."

મુખ્યમંત્રી ફડણવીસે પોતાના એક્સ હેન્ડલ પર પોસ્ટ કરી લખ્યું, "દાદા જતા રહ્યા! એક જમીન સાથે જોડાયેલા નેતા, મારા મિત્ર અને સાથી, નાયબ મુખ્યમંત્રી અજિત દાદા પવારનું વિમાન દુર્ઘટનામાં નિધન હૃદયદ્રાવક છે. મારું હૃદય સુન્ન થઈ ગયું છે. મારી લાગણીઓ વ્યક્ત કરવા માટે મારી પાસે કોઈ શબ્દો નથી." તેમણે કહ્યું, "મેં એક મજબૂત અને સારા મિત્ર ગુમાવ્યા છે. આ મારા માટે એક વ્યક્તિગત ક્ષતિ છે. આ એક એવું નુકસાન છે જેની ભરપાઈ થઈ શકતી નથી. આજનો દિવસ મહારાષ્ટ્ર માટે ખૂબ જ મુશ્કેલ છે. હું દાદાને મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. અમે તેમના સમગ્ર પરિવાર અને NCP પરિવારના દુઃખમાં સહભાગી છીએ. આ અકસ્માતમાં વધુ ચાર લોકોના મોત થયા છે. અમે તેમના પરિવારોના દુઃખમાં પણ સહભાગી છીએ."

મહારાષ્ટ્રના બારામતી નજીક NCP નેતા અજિત પવારનું ખાનગી વિમાન ક્રેશ થયું હતું. આ વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું નિધન થયું છે. વિમાનમાં સવાર ૫ લોકોના મોતની DGCAએ કરી પુષ્ટી કરી હતી. ડીજીસીએ કહ્યું હતું કે વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સહિત ૫ લોકોના મોત થયા છે.

### અકસ્માતમાં વિમાન સંપૂર્ણપણે બળી ગયું હતું

# અજિત પવાર સાથે જીવ ગુમાવનાર અન્ય ચાર લોકો કોણ હતા?

## એવિએશન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બંને પાઇલટ સારી રીતે તાલીમ પામેલા હતા અને વિમાનમાં કોઈ ખામી નહોતી

મુંબઈ, તા.૨૮

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન દુર્ઘટનામાં મોત થયું છે. બુધવારે સવારે બારામતીમાં લેન્ડિંગ કરતી વખતે તેમનું વિમાન ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં વિમાન સંપૂર્ણપણે બળી ગયું હતું, જેમાં સવાર તમામ લોકોના મોત થયા હતા. અજિત પવાર ઉપરાંત, તેમાં ચાર અન્ય લોકો સવાર હતા. વિમાન સંચાલક VSR એવિએશને અન્ય ચાર લોકોના મોત અંગે માહિતી આપી.

એવિએશન દ્વારા પુષ્ટિ આપવામાં આવી હતી કે અકસ્માતમાં સામેલ પાઈલટ સુમિત કપૂર અને સહ-પાઈલટ સંભવી પાઠક હતા. એવિએશન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બંને પાઈલટ સારી રીતે તાલીમ પામેલા હતા અને વિમાનમાં કોઈ ખામી નહોતી. બે ક્રૂ સભ્યો ઉપરાંત અજિત પવારના બે સ્ટાફ સભ્યો, વિદીપ જાધવ અને પિંકી માલી પણ વિમાનમાં હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે અકસ્માતમાં કોઈ બચી શક્યું નથી. લિયરજેટ ૪૫ VSR એવિએશન દ્વારા સંચાલિત હતું અને તેનું રજીસ્ટર VT-SSK હતું. જેટ મંગળવારે સવારે મુંબઈથી રવાના થયું હતું.

નાગરિક ઉડ્ડયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે ૮:૪૮ વાગ્યે રન-વે ૧૧ ના થ્રેશહોલ્ડ નજીક ઉતરાણ કરવાનો પ્રયાસ કરતી વખતે વિમાને નિયંત્રણ ગુમાવ્યું. વિમાન રનવે સાથે અથડાયું અને તરત જ આગ લાગી ગઈ. અકસ્માતનું કારણ તપાસ હેઠળ છે. લિયરજેટ ૪૫ એક મધ્યમ કદનું બિઝનેસ જેટ છે જે તેના અદ્યતન એવિઓનિક્સ, શ્રેષ્ઠ પ્રદર્શન અને મોટા કેબિન માટે જાણીતું છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે ચાર્ટર સેવાઓ અને સત્તાવાર મુસાફરી માટે થાય છે. ઘટનાને નજરે જોનારાઓએ જણાવ્યું હતું કે વિમાન લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરતી વખતે લપસી પડ્યું અને આંખના પલકારામાં ક્રેશ થયું. અહેવાલ મુજબ, ક્રેશ પછી લગભગ પાંચ વિસ્ફોટ થયા હતા, અને વિમાન આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું. અકસ્માતમાં વિમાન સંપૂર્ણપણે બળી ગયું હતું, અને અજિત પવાર સહિત પાંચેય લોકોના મોત થયા હતા.અજિત પવારના મૃતદેહને બારામતીની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે, જ્યાં તેમના પરિવાર અને સમર્થકો પહોંચી રહ્યા છે. હોસ્પિટલની બહાર રડતા લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી.

### ચાર ધામમાં ગેરહિન્દુઓના પ્રવેશ પર મોટો નિર્ણય

# પવિત્ર ચારધામમાં હવે હિન્દુઓની સાથે સાથે શીખ, બૌદ્ધ અને જૈનોને જ એન્ટ્રી

## ઉત્તરાખંડ વક્ફ બોર્ડના અધ્યક્ષ શાદાબ શમ્સે આ નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું, "જે લોકો શ્રદ્ધા રાખતા નથી તેમને ચાર ધામોમાં શું કામ છે?"

દેહરાદુન, તા.૨૮

ગંગોત્રી મંદિર સમિતિ સાથે મળીને BKTCએ ઉત્તરાખંડના ચાર ધામોમાં બિન-હિન્દુઓના પ્રવેશ અંગેની પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે. શીખ, જૈન અને બૌદ્ધોને હિન્દુઓ સાથે પ્રવેશ આપવામાં આવશે. ઉત્તરાખંડ વક્ફ બોર્ડના અધ્યક્ષ શાદાબ શમ્સે આ નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું, "જે લોકો શ્રદ્ધા રાખતા નથી તેમને ચાર ધામોમાં શું કામ છે?"

BKTCના પ્રમુખ હેમંત દ્વિવેદીએ કહ્યું કે કેદારનાથ અને બદ્રીનાથ ધામ પિકનિક સ્પોટ નથી, પરંતુ સનાતન પરંપરાના સર્વોચ્ચ આધ્યાત્મિક કેન્દ્રો છે. બંધારણની કલમ ૨૫ સ્પષ્ટપણે જણાવે છે કે શીખ, જૈન અને બૌદ્ધ સનાતન પરંપરાનો ભાગ છે. કલમ ૨૬ આપણને આપણી ધાર્મિક પરંપરાઓ અને પૂજા પ્રથાઓનું રક્ષણ કરવાનો અધિકાર આપે છે. આ નિર્ણય કોઈની વિરુદ્ધ નથી, પરંતુ સદીઓ જૂની શ્રદ્ધા, શિસ્ત અને પવિત્રતાને જાળવવા માટે છે. ઉત્તરાખંડમાં હજારો સ્થળો પર્યટન માટે ખુલ્લા છે, તેથી મંદિરોની ઓળખ બદલવી એ શ્રદ્ધા સાથે અન્યાય થશે. જે લોકો સનાતન પરંપરામાં માને છે તેઓ તેમની શ્રદ્ધા અનુસાર આગળ વધી શકે છે, પરંતુ મંદિરની મૂળ ધાર્મિક ઓળખ સાથે સમાધાન કરી શકાતું નથી. ગંગોત્રી મંદિર સમિતિના પ્રમુખ સુરેશ સેમવાલે જણાવ્યું હતું કે હિન્દુઓ ઉપરાંત, શીખ સમુદાયના સભ્યો પણ મુલાકાત લઈ શકે છે. જેઓ હિન્દુ ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે અને હિન્દુ ધર્મનો આદર કરે છે તેઓ પણ મુલાકાત લઈ શકે છે.ધાર્મિક સંગઠનોએ બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધનું સ્વાગત કર્યું. શ્રી કેદાર સભા અને શ્રી ડિમરી ધાર્મિક કેન્દ્રીય પંચાયત સહિત તમામ સનાતન ધર્મ અનુયાયીઓએ તેને ટેકો આપ્યો છે. શ્રી ગંગોત્રી અને શ્રી યમુનોત્રી મંદિર સમિતિઓએ મંદિરમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો ઠરાવ પસાર કર્યો છે. BKTC પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે મંદિરોમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર લાંબા સમયથી પ્રતિબંધ છે, આ કોઈ નવો નિયમ નથી, પરંતુ સદીઓ જૂની પરંપરાનું ઔપચારિક પાલન છે. આ કોઈ ધર્મના વિરોધનો વિષય નથી, એકમાત્ર પ્રશ્ન એ છે કે કોઈ વ્યક્તિ તે પરંપરામાં માને છે કે નહીં. વિદેશીઓ કે અશ્રદ્ધાળુઓનો પ્રવેશ અહીં ક્યારેય પ્રચલિત રહ્યો નથી. પુરોહિત પ્રણાલી દીક્ષા અને સંપ્રદાય પર આધારિત રહી છે. મસ્જિદોમાં પ્રાર્થના માટે જરૂરીયાતો છે અને ચર્ચમાં ધાર્મિક વિધિઓ માટે મર્યાદાઓ છે. દરેક ધર્મને પોતાની પવિત્રતા અને શિસ્ત નક્કી કરવાનો અધિકાર છે. અદાલતોએ સ્પષ્ટ કર્યું છે કે મંદિર પ્રવેશ એ સામાન્ય નાગરિક અધિકાર નથી, પરંતુ ધાર્મિક આચરણનો વિષય છે.ઉત્તરાખંડ વક્ફ બોર્ડના અધ્યક્ષ શાદાબ શમ્સે ચાર ધામમાં બિન-હિન્દુઓના પ્રવેશને વાજબી ઠેરવ્યો છે. તેમણે કહ્યું કે જેમને દેવતાઓમાં શ્રદ્ધા નથી તેમનો ચાર ધામમાં કોઈ કામ નથી. તેમણે કહ્યું કે ભારતની શાશ્વત સંસ્કૃતિ પર વિશ્વભરમાં હુમલો થઈ રહ્યો છે, અને તેથી, તેને જાળવવા માટે મજબૂત પગલાં લેવા જરૂરી છે. મંગળવારે યુસીસીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે દેહરાદૂન ખાતે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી મંદિરો શાશ્વત શ્રદ્ધાના કેન્દ્રો છે. જેમને દેવી-દેવતાઓમાં શ્રદ્ધા નથી તેમને અહીં આવવાની જરૂર નથી.

# મધર ઓફ ઓલ ડીલ્સમાં ભારતને બમ્પર ફાયદો થયો

## અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમિસન ગ્રીરે જણાવ્યું કે, ભારતને આ ડીલથી યુરોપમાં વધારે માર્કેટ એક્સેસ મળશે

વોશિંગ્ટન, તા.૨૮

ભારત-યુરોપિયન યુનિયન (EU) વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર વોશિંગ્ટન તરફથી પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બિઝનેસ પ્રમુખે કહ્યું કે, આ ડીલમાં ભારત સૌથી વધારે ફાયદામાં રહેશે. અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમિસન ગ્રીરે જણાવ્યું કે, ભારતને આ ડીલથી યુરોપમાં વધારે માર્કેટ એક્સેસ મળશે.ફોકસ બિઝનેસને આપેલા ઈન્ટરવ્યુમાં ગ્રીરે કહ્યું કે, "મને લાગે છે કે ભારત આ ડીલમાં ટોચ પર રહ્યું છે. ભારતને યુરોપમાં વધુ પ્રવેશ મળશે. એવું લાગી રહ્યું છે કે ભારતીય કામદારો માટે કેટલાક વધારાના ઈમિગ્રેશન અધિકારો પણ છે. યુરોપિયન કમિશનના પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેને ભારતીય કામદારોની મોબિલિટી અંગે વાત કરી છે. આ ડીલથી ભારતને જ મોટો ફાયદો મળશે કારણ કે તેની પાસે લો-કોસ્ટ લેબર છે." આ ડીલ બે દાયકા લાંબી વાતચીત બાદ મંગળવારે, ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નવી દિલ્હીમાં ફાઈનલ થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, યુરોપિયન કાઉન્સિલના પ્રેસિડેન્ટ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેને હૈદરાબાદ હાઉસ ખાતે તેની જાહેરાત કરી હતી. તેને મધર ઓફ ઓલ ડીલ્સ ગણાવવામાં આવી રહી છે. આ સમજૂતીના કારણે ભારતના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરને વેગ મળશે. રોકાણકારોનો વિશ્વાસ વધશે અને સાથે જ સિક્યોરિટી, ડિફેન્સ અને મોબિલિટી પાર્ટનરશિપ પર પણ સમજૂતી થઈ છે.ગ્રીરે રણનીતિક દ્રષ્ટિએ સમજાવ્યું કે, ટ્રમ્પ વહીવટીતંત્રે અમેરિકાના સ્થાનિક ઉત્પાદનને પ્રાથમિકતા આપી છે અને બીજા દેશો પાસેથી માર્કેટ એક્સેસ માટે ફી વસૂલવાનું શરૂ કર્યું છે. તેના કારણે યુરોપ જેવા દેશો ઓવરપ્રોડક્શનનો સામનો કરી રહ્યા છે અને તેઓ ભારત જેવા બજાર તરફ વળી રહ્યા છે.ગ્રીરે EU પર કટાક્ષ કરતા કહ્યું કે, તેઓ ગ્લોબલાઈઝેશન પર ડબલ ડાઉન કરી રહ્યા છે, જ્યારે અમેરિકા ગ્લોબલાઈઝેશનની સમસ્યાને સ્થાનિક સ્તરે જ સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર ગયા વર્ષે ઓગસ્ટમાં ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો, જેના કારણે ભારતીય નિકાસકારોને નુકસાન પહોંચી રહ્યું છે. ખાસ કરીને લેબર ઈન્ટેન્સિવ સેક્ટર જેવા કે ટેક્સટાઈલ અને એપેરલ તેનાથી પ્રભાવિત છે. એપેરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (AEPC) એ ચેતવણી આપી છે કે, અમેરિકી બજારમાં અચાનક થતું નુકસાન કાયમી ગ્રાહકો છીનવી લેશે અને વિયેતનામ તથા બાંગ્લાદેશ જેવા હરીફ દેશો તેનો ફાયદો ઉઠાવશે. માર્કેટ ડાઈવર્સિફિકેશનમાં ૨-૩ વર્ષ લાગે છે, જેના કારણે રોજગારી અને રોકાણ પણ પ્રભાવિત થઈ શકે છે.બીજી તરફ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે EU ની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, EU એ ભારત પર રશિયન તેલ ખરીદવા અંગે દબાણ ન કર્યું. અમેરિકી ટેરિફના કારણે ભારતે રશિયન ઓઈલ ઈમ્પોર્ટ ઘટાડ્યું, પરંતુ યુરોપે ભારત પાસેથી રિફાઈન્ડ પ્રોડક્ટ્સ ખરીદીને પરોક્ષ રીતે યુદ્ધને ફંડ આપ્યું છે. ટ્રમ્પના રાષ્ટ્રપતિ બન્યા બાદ અમેરિકા-ઈયુ સંબંધો તણાવપૂર્ણ છે. ગયા વર્ષે અમેરિકાએ ઈયુ પર ટેરિફ ૧૫ ટકા સુધી ઘટાડ્યો હતો, પરંતુ ગ્રીનલેન્ડ વિવાદ બાદ ટ્રમ્પે તેને ૩૦ ટકા સુધી વધારવાની ધમકી આપી હતી. ત્યારબાદ તે ફ્રેમવર્ક એગ્રીમેન્ટથી દૂર રહ્યું. ટેક રેગ્યુલેશન અંગે પણ બંને પક્ષો વચ્ચે ટક્કર જોવા મળી રહી છે.

# પાકિસ્તાનને એક નિર્ણય કરી દેશે કંગાળ ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાથી PCB પર બ્રોડકાસ્ટર દ્વારા કેસ દાખલ થઈ શકે છે

## PCB ચેરમેને સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે અંતિમ નિર્ણય શુક્રવાર અથવા આવતા સોમવારે લેવાશે

ઈસ્લામાબાદ, તા.૨૮

પાકિસ્તાને ૨૦૨૬ના T20 વર્લ્ડ કપ માટે પોતાની ટીમની જાહેરાત કરી છે, પરંતુ બોર્ડ હાલમાં સરકારની મંજૂરીની રાહ જોઈ રહ્યું છે. નકવીએ સોમવારે પાકિસ્તાની વડાપ્રધાન સાથે આ મુદ્દા પર ચર્ચા કરી હતી. ટુર્નામેન્ટ અથવા ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાથી PCB પર બ્રોડકાસ્ટર દ્વારા કેસ દાખલ થઈ શકે છે.અન્ય બોર્ડની જેમ PCB એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) ઈવેન્ટ્સ માટે સભ્ય ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ એક કાનૂની દસ્તાવેજ છે, અને ઉલ્લંઘનને કારણે રમતના સંચાલક મંડળ દ્વારા કડક કાર્યવાહી થઈ શકે છે. જો પાકિસ્તાન ભારત સામેની મેચ ગુમાવે છે, તો યજમાન પ્રસારણકર્તા PCB સામે કાનૂની કાર્યવાહી કરી શકે છે અને ભારે વળતરની માંગ કરી શકે છે.RevSportz ના અહેવાલ મુજબ, આશરે $38 મિલિયન (INR 34,800,09,600) આવક સીધી તે મેચ પર આધાર રાખે છે. આમાં જાહેરાત સ્લોટ્સ, બ્રાન્ડેડ પ્રોગ્રામિંગ અને સ્પોન્સરશિપનો સમાવેશ થાય છે. જો PCB ભારત સામે મેચ નહીં રમે, તો તેને ગંભીર કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નકવીએ સોમવારે વડા પ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી. PCB ચેરમેને બાદમાં સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે અંતિમ નિર્ણય શુક્રવાર અથવા આવતા સોમવારે લેવામાં આવશે. નકવીએ પોસ્ટ કર્યું, "વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે સકારાત્મક મુલાકાત થઈ. તેમને ICC મામલાની જાણકારી આપી, અને તેમણે નિર્દેશ આપ્યો કે બધા વિકલ્પો પર વિચાર કરીને ઉકેલ શોધવામાં આવે. એવું નક્કી કરવામાં આવ્યું છે કે શુક્રવાર અથવા આવતા સોમવારે અંતિમ નિર્ણય લેવામાં આવશે."પાકિસ્તાની મીડિયામાં એવા અહેવાલો આવ્યા છે કે T20 વર્લ્ડ કપમાંથી બહાર થયા પછી બાંગ્લાદેશ સાથે એકતા દર્શાવવા માટે દેશ વિવિધ પગલાં અપનાવી શકે છે. બહિષ્કારથી પાકિસ્તાનને નોંધપાત્ર નાણાકીય નુકસાન થઈ શકે છે.

### સૂર્યકુમાર યાદવની ટોપ-૧૦માં જોરદાર એન્ટ્રી

# અભિષેક શર્મા પાસે ઈતિહાસ રચવાની તક!

## વર્ષ ૨૦૨૫માં તેની રેટિંગ ૯૩૧ પર પહોંચી હતી : હવે આ વર્ષે તે તેનાથી માત્ર બે પોઈન્ટ પાછળ છે

દુબઈ, તા.૨૮

ICCએ T20 રેન્કિંગની પોતાની તાજેતરની અપડેટ જારી કરી છે. ICC રેન્કિંગમાં ફરી એકવાર ઉથલપાથલ મચી ગઈ છે. ભારતીય ટીમના સ્ટાર ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માએ નંબર-૧ પર પોતાનો કબજો જમાવી રાખ્યો છે. તેણે રેટિંગમાં ફરી એકવાર જબરદસ્ત વધારો કર્યો છે. ખાસ વાત એ છે કે, ICC T20 રેન્કિંગમાં એક સમયે નંબર વન બેટ્સમેન રહેલા સૂર્યકુમાર યાદવે બહાર થયા બાદ ફરીથી ટોપ-૧૦માં ધમાકેદાર વાપસી કરી છે. આ વખતે ઘણા નવા ફેરફારો જોવા મળી રહ્યા છે. ભારત vs ન્યુઝીલેન્ડ T20 સીરિઝ વચ્ચે ICCએ નવી રેન્કિંગ જારી કરી દીધી છે. અભિષેક શર્મા પાસે વિશ્વનો નંબર વન T20 બેટ્સમેનનો તાજ બરકરાર છે. છેલ્લી વખતે તેની રેટિંગ ૯૦૩ની આસપાસ હતી, જે હવે વધીને ૯૨૯ થઈ ગઈ છે. હવે તે એક નવો ઈતિહાસ રચવાની ખૂબ નજીક છે. વર્ષ ૨૦૨૫માં તેની રેટિંગ ૯૩૧ પર પહોંચી હતી. હવે આ વર્ષે તે તેનાથી માત્ર બે પોઈન્ટ પાછળ છે. આવી સ્થિતિમાં જો અભિષેક પાસે એ તક છે કે, જો તે ભારત vs ન્યુઝીલેન્ડ સીરિઝની બાકીની બે મેચોમાં શાનદાર પ્રદર્શન કરે તો નવા શિખર પર પહોંચી જશે.અભિષેક શર્મા પછી બીજો અને ત્યારબાદ કયો બેટ્સમેન છે તે અંગે અમે તમને આગળ જણાવીશું, પરંતુ તે પહેલાં તમારે સૂર્યકુમાર યાદવ વિશે જાણવું જોઈએ. ભારતની T20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે ફરી એકવાર ટોપ-૧૦માં ધમાકેદાર વાપસી કરી છે. તેને આ વખતે રેન્કિંગમાં સીધો પાંચ સ્થાનનો ઉછાળો મળ્યો છે. સૂર્યા હવે ૭૧૭ના રેટિંગ સાથે નંબર ૭ પર પહોંચવામાં સફળ રહ્યો છે. ન્યુઝીલેન્ડ સામે ચાલી રહેલી સીરિઝ દરમિયાન સૂર્યાએ છેલ્લી બે મેચમાં સતત અડધી સદી ફટકારી હતી અને અણનમ પાછો ફર્યો હતો. ત્યારબાદ તેની આ મોટી છલાંગ વાજબી છે.હવે તમને જણાવીએ કે, રેન્કિંગમાં અભિષેક પછી બીજા નંબર પર કયો બેટ્સમેન છે. તો બીજા નંબર પર ઈંગ્લેન્ડનો ફિલ સોલ્ટ છે. જેની રેટિંગ હાલમાં ૮૪૯ છે. આનો અર્થ એ કે પહેલા અને બીજા નંબરના બેટ્સમેન વચ્ચેનું અંતર વધુ વધ્યું છે. ભારતીય ટીમનો તિલક વર્મા ભલે અત્યારે રમી નથી રહ્યો, પરંતુ તેમ છતાં તે ત્રીજા નંબર પર છે. તેની રેટિંગ ૭૮૧ છે. ઈંગ્લેન્ડના જોસ બટલર ૭૭૦ રેટિંગ સાથે ચોથા સ્થાન પર છે. પાકિસ્તાનના સાહિબજાદા ફરહાન ૭૬૩ રેટિંગ સાથે પાંચમા સ્થાન પર છે. શ્રીલંકાના પથુમ નિસંકા ૭૫૮ની રેટિંગ સાથે છઠ્ઠા સ્થાન પર છે. આ બધાના રેન્કિંગમાં કોઈ ફેરફાર થયો નથી.સૂર્યકુમારની ટોપ-૧૦માં એન્ટ્રીથી ટ્રેવિસ હેડ, મિશેલ માર્શ અને ટિમ સેઈફર્ટને એક-એક સ્થાનનું નુકસાન થયું છે. જોકે, તેમ છતાં આ તમામ ટોપ-૧૦માં યથાવત છે. હવે કુલ મળીને ત્રણ ભારતીય બેટ્સમેન હવે ICC T20 રેન્કિંગમાં ટોપ-૧૦માં સ્થાન ધરાવે છે. ન્યુઝીલેન્ડ સામે હજુ બે મેચ બાકી છે અને તેમાં કરવામાં આવેલા પ્રદર્શન બાદ તેમાં ફરીથી ફેરફાર આવશે.

### SIRની કામગીરીને લીધે સરકારનો નિર્ણય

# ગુજરાતની સહકારી મંડળીઓની ચૂંટણી આગામી ૬ મહિના સુધી સ્થગિત કરાઈ

## મહેસૂલી તંત્ર વ્યસ્ત હોવાથી સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું હાલના તબક્કે મુશ્કેલ છે

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં ચાલી રહેલી 'SIR' (Special Intensive Revision) ની મહત્ત્વની કામગીરીને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા સહકારી ક્ષેત્રને લઈને એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. રાજ્યની તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીઓ આગામી છ માસ સુધી યોજવામાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં SIRની અત્યંત મહત્ત્વની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં મહેસૂલી તંત્ર વ્યસ્ત હોવાથી સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું હાલના તબક્કે મુશ્કેલ છે. આથી, વહીવટી સરળતા ખાતર આ નિર્ણય લેવામાં આવ્યો છે.જાહેરનામાની મુખ્ય વિગતો : મુક્તિનો ગાળો: જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬ મહિના સુધી.કાયદાકીય જોગવાઈ: ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, કલમ-૭૪(ગ) અને કલમ-૧૪૫(ક) થી (વ) ની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.કોને લાગુ પડશે?: એવી તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓ જેની ચૂંટણી પ્રક્રિયા હાલ ચાલુ છે અથવા આગામી સમયમાં યોજાવાની હતી.કોને આ મુક્તિ લાગુ પડશે નહીં? : જે સહકારી મંડળીઓની ચૂંટણી પ્રક્રિયા કોઈ ન્યાયિક હુકમ અથવા કોર્ટના ચુકાદા અંતર્ગત હાથ ધરવામાં આવી રહી હોય, તેવી મંડળીઓને આ મુક્તિ લાગુ પડશે નહીં. એટલે કે, ન્યાયિક આદેશ વાળી ચૂંટણીઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. આ નિર્ણયથી રાજ્યના સહકારી માળખામાં અને ચૂંટણીની તૈયારી કરી રહેલા ઉમેદવારોમાં મોટી અસર જોવા મળશે. મહેસૂલી તંત્ર હવે સંપૂર્ણપણે જૈઇ ની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

### આયોજન અર્થે આગેવાનોની બેઠક યોજાઈ

# ચલાલા ખાતે આગામી દિવસોમાં વિરાટ હિન્દુ મહાસંમેલન યોજાશે

## મહા સંમેલનનાં અધ્યક્ષની પણ વરણી કરવામાં આવી



ચલાલા, તા. ૨૮

રાષ્ટ્રીય સંયમ સંઘ (આર.એસ.એસ.)ની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણીના ભાગરૂપે આખા ભારત દેશમાં હિન્દુ મહા સંમેલનો યોજાઈ રહ્યા છે. તે અંતર્ગત ચલાલા મંડળમા પણ આગામી દિવસોમા ભવ્ય અને દિવ્ય વિરાટ હિન્દુ મહાસંમેલન યોજાશે તેનુ માર્ગદર્શન અને તૈયારીના ભાગરૂપે આજે સાંઈ મંદિરની પાછળ મેલડી માતાજીના મંદિરે ચલાલા અને આજુબાજુના ગામડાઓના સામાજિક આગેવાનો અને સરપંચોની એક અગત્યની બેઠક જિલ્લા કાર્યવાહક સૌરભભાઈ મકવાણા, અમરેલીના ભીખુભાઈ અગ્રાવત અને ચલાલાના ધીરૂભાઈ મકવાણા તેમજ પાણીયા (દેવ) ગામના વીરાટભાઈ વસાણીના માર્ગદર્શન નીચે મળી હતી. આ બેઠકમાં પ્રથમ સંદીપભાઈ પાનસુરીયા એ 'સંયમ અબ જાગકર જગાના દેશ અપના' ગીત, પરિચય, શાબ્દીક સ્વાગત અને ભુમીકા રજુ કરી. સંઘ જીલ્લા કાર્યવાહક સૌરભભાઈ મકવાણાએ હિન્દુમહા સંમેલન શા માટે ? તેમજ રામ મંદિર નિર્માણ, યુક્રેન, રશિયા, શિરયા, લિબિયાનુ યુધ્ધ સહિતની સચોટ માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ વિરાટ, દિવ્ય અને ભવ્ય દાનેવ હિન્દુમહા સંમેલનના અધ્યક્ષ તરીકે સામાજિક સંનિષ્ઠ આગેવાન અને ભોજલરામ સેવા સહકારી મંડળીના આદરણીય પ્રમુખ ગોરધનભાઈ પરસોતમભાઈ ગેડિયાના નામની દરખાસ્ત ચલાલાના સામાજિક આગેવાન અશોકભાઈ કાથરોટીયા એ રજૂ કરી હતી. જે દરખાસ્તને ઉપસ્થિત સૌની અનુમતિથી પ્રકાશભાઈ કારીયાએ ટેકો આપ્યો હતો. જેને ઉપસ્થિત સૌએ જય શ્રી રામના નારા અને તાલિયોના ગડગડાટથી આ જાહેરાતને વધાવી લેતા. યોજનારા વિરાટ દાનેવ હિન્દુ મહા સંમેલનના અધ્યક્ષ તરીકે ગોરધનભાઈ પરસોત્તમભાઈ ગેડિયાની સર્વનામતિએ વરણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ અધ્યક્ષ ગોરધનભાઈ ગેડિયાએ અને ઉપસ્થિત મહાનુભવોના વરદ હસ્તે ભારત માતાના ફોટાને ભારત માતાના જયઘોષ સાથે દીપ પ્રાગટય કરેલ. ત્યારબાદ અધ્યક્ષ ગોરધનભાઈ ગેડીયાએ ઉપાધ્યક્ષ તરીકે મહેશભાઈ મહેતા (ગાયત્રી સંસ્કારધામ), જયસુખભાઈ ચૌહાણ (માનમંદિર), અનિભાઈ કાછડીયા (પુષ્પકમીલ) રાજુભાઈ બોરડ (સરપંચ કેરાળા)ની વરણી કરવામાં આવી હતી, તેમજ મંત્રી તરીકે સંદીપભાઈ પાનસુરીયા, સહમંત્રી તરીકે પ્રકાશભાઈ કારીયા, અશોકભાઈ કાથરોટીયા, અને કોષાધ્યક્ષ તરીકે વનરાજભાઈ વાળા (કથીરવદર)ની વરણી કરવામાં આવેલ હતી, તેમજ સંતો મહંતોના નામ સાથેની માર્ગદર્શન સમિતિ, સહકાર સમિતિ, કારોબારી સમિતિની વરણીઓ કરવામાં આવેલ. જેને સહુઉપસ્થિત આગેવાનોએ જય શ્રી રામના જયઘોષ સાથે વધાવી લીધી હતી. આ દાનેવ હિન્દુ વિરાટ અને ભવ્ય મહાસંમેલન આગામી દિવસો માં ભોજન પ્રસાદ, સાંસ્કૃતિક કાર્યક્રમો, અને પ્રદર્શનની સાથે યોજાશે. આજની આ બેઠકમાં આજુબાજુ ગામડાના આદરણીય સરપંચઓ મોટી સંખ્યા ઉપસ્થિત રહી આગામી દિવસોમા યોજનારા દાનેવ હિન્દુ વિરાટ અને ભવ્ય સંમેલનમા મહત્વની જવાબદારી વહન કરવાના હોવાથી આ હીન્દુ મહાસંમેલન ભવ્ય અને દિવ્ય બનશે. તેમ જાણવા મળશે. દાનેવ હિન્દુ મહાસંમેલનમાં હિન્દુ સમાજને મોટી સંખ્યામાં ઉમટી પડવા હાકલ કરવામાં આવી છે. આ સંમેલનને લઈને હિન્દુ સમાજમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. અંતમા સહુએ સ્વાદિષ્ટ ભોજન પ્રસાદ સાથે લઈ બેઠક પુર્ણ કરી હતી. તેમ મંત્રી સંદીપભાઈ પાનસુરીયાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# સાવરકુંડલા માનવ મંદિર આશ્રમમાં ડોકટર વિવેક જોષીની વિનામૂલ્ય સેવાને આજે ૧૨ વર્ષ પૂર્ણ



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાથી પાંચ કિલોમીટર રોડ પર માનવ મંદિર આશ્રમ આવેલુ છે. જયાં ભકિત બાપુ વિનામૂલ્ય રખડતા ભટકતા નિરાધાર મનોરોગી બહેનોની સેવા કરી પુનઃજીવન પ્રાપ્ત કરાવવાનો પ્રયાસ કરે છે આ માનવ મંદિર આશ્રમમાં હાલમાં ૫૮ મોનોરોગી બહેનો નિવાસ કરે છે જુદા જુદા પ્રાંતના અને જુદી જુદી ભાષાની બહેનોને પોલીસ મૂકવા આવે તેને જ અહીંયા પ્રવેશ આપવામાં આ આશ્રમે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી કે આશ્રમને નામે કોઈ ફાળો લેવામાં આવતો નથી જે સેવકો આશ્રમે આવીને રકમ આપે છે અથવા તો વસ્તુઓ આપે છે તેમને પાકી પહોંચ આપવામાં આવે છે. આમ આ સેવામાં અનેક સેવકોનો સહયોગ રહ્યો છે જેમાં માનવ મંદિરની સેવા શરૂ થઈ ત્યારથી આજસુધી અમરેલીના મનોચિકિત્સક ડોકટર વિવેક જોશી અવિરત પણે વિનામૂલ્ય પોતાની સેવા આપી રહ્યા છે દવા દુઆ અને હવાના માધ્યમથી માનવ મંદિરમાં આજ સુધીમાં ૧૨૯ નિરાધાર રખડતી ભટકતી મનોરોગી બહેનો સાજી થઈ પોતાના પરિવારને મળી છે આ સેવામાં છેલ્લા ૧૨ વર્ષથી ડોકટર વિવેક જોષીનો અમૂલ્ય ફાળો રહ્યો છે આથી ૧૨ વર્ષ પહેલા ડોકટર વિવેક જોષી પોતાના પરિવાર સાથે માનવ મંદિર આશ્રમે આવેલા જેની સાથે ચંદ્રેશભાઈ બાબરીયા પણ હતા ભકિત બાપુની સેવા અને મનોરોગી બહેનોની વ્યથા હઅને કથા સાંભળ્યા બાદ એમનું હદય પીગળ્યું હતું અને આ બંને મહાનુભાવોએ ભકિત બાપુ પાસે સંકલ્પ કર્યો કે અમે આ નિરોગી બહેનોની વ્યથા અને કથા સાંભળ્યા બાદ એમનું હદય પીગળ્યું હતું અને આ બંને મહાનુભાવોએ ભકિતબાપુ પાસે સંકલ્પ કર્યો કે અમે આ મનોરોગી બહેનોની મેડિકલી સેવા સ્વીકારીએ છીએ ત્યારથી આજ સુધી દર મહિને ચંદ્રેશભાઈ બાબરીયા પોતાની ફોરવીલમાં ડોકટર વિવેક જોષીને અમરેલીથી સાવરકુંડલા લઈ આવે છે અને દરેક બહેનોને તપાસી દવાઓ લખી આપે છે અને એ દવાઓ પણ કંપની તરફથી ખૂબ જ સત્તા ભાવે અને મૂળ આવે મળે તેવો પણ તેમણે પ્રયાસ કર્યો છે આમ ૧૨ વર્ષથી અવિરત સેવામાં જોડાયેલા આ બંને મહાનુભાવોએ અને તેમની સેવાની વંદન સાથે અભિનંદન છે.

### રાષ્ટ્રીય રકતપિત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત

# અમરેલી જિલ્લામાં તા. ૩૦ જાન્યુઆરીથી 'સ્પર્શ' લેપ્રેસી જનજાગૃત્તિ અભિયાન

## ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ખાસ ગ્રામસભા યોજાશે

અમરેલી, તા. ૨૮

રકતપિત્ત પૂર્વજન્મના પાપ કે શાપનું ફળ નથી કે, તે વારસાગત નથી. કોઈપણ બાળક રકતપિત્ત રોગ સાથે જન્મતું નથી. રકતપિત્ત એ અન્ય ચેપી રોગોની જેમ જંતુ (બેકટેરિયાથી) ફેલાતો રોગ છે, તે કોઈપણ તબક્કે મટાડી શકાય છે. રકતપિત્ત સમસ્યા ફકત તબીબી પ્રશ્ન નથી પરંતુ રકતપિત્તના દર્દી પ્રત્યેની સૂગને પરિણામે તે એક સામાજિક, આર્થિક, અને મનોવૈજ્ઞાનિક સમસ્યા બની છે. રકતપિત્ત માઈક્રોબેકટેરિઅલ લેપ્રસી નામના સૂક્ષ્મ જીવાણુથી થતો રોગ છે. તેની સમયસર સારવાર કરવી અત્યંત જરૂરી છે. 'રાષ્ટ્રીય રકતપિત્ત નિર્મૂલન' કાર્યક્રમ અંતર્ગત સમગ્ર જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોને આવરી લઈ આગામી તા. ૩૦ જાન્યુઆરીથી 'સ્પર્શ' રકતપિત્ત નિર્મૂલન જાગૃત્તિ કાર્યક્રમ (લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન) યોજાશે.આ અભિયાનના સુચારૂં આયોજન અર્થે અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરે રકતપિત્ત હોવા અંગેની તપાસ, (લેપ્રસી ડિટેકશન), નિદાન, સારવાર પર વધુ ભાર આપવામાં આવેતે બાબતે સૂચનાઓ આપી હતી.ઉલ્લેખનીય છે કે, જનજાગૃત્તિ અભિયાન દરમિયાન શાળા કક્ષાએ ચિત્ર સહિતની સ્પર્ધાઓમાં માધ્યમથી ઉપરાંત પોસ્ટર, સ્લોગન અને રેલીના માધ્યમથી જાગૃત્તિ વધારવામાં આવશે. વર્ષ ૨૦૨૬ની થીમ– "Ending Discrimination, Ensuring Dignity" રાખવામાં આવી છે.

'સ્પર્શ' રકતપિત્ત નિર્મૂલન જાગૃત્તિ કાર્યક્રમ અભિયાનની જિલ્લા કો–ઓર્ડિનેશન સમિતિની બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્યઅધિકારી સહિત તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### આગામી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષ માટે

# અમરેલીનાં શ્રી નાગનાથ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા રાહતદરે નોટબુકનું વિતરણ કરાશે

## છુટક નહી પણ કોઈ સંસ્થાને કરાશે વિતરણ

અમરેલી, તા. ૨૮

શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થાના ટ્રસ્ટ, અમરેલી ધ્વારા નબળા વર્ગનાં વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા માટે જુન ૨૦૨૬થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ માટે રાહતદરે ફુલસ્કેપ નોટબુકસ આપવાની યોજના છે. તે અંતર્ગત ૧૯૨ પેજ તથા ૧૪૪ પેજના એબ બે પ્રકારના ફુલસ્કેપ બૂક તૈયાર કરાશે. અને પડતર કિંમતના ૫૦ ટકા દરે અપાશે. ૧૯૨ પેજના અંદાજિત પડતર કિંમત રૂપિયા ૪૦૦ જે રૂપિયા ૨૦૦માં અને ૧૪૪ પેજના પડતર કિંમત રૂપિયા ૩૨૦ જે રૂપિયા ૧૬૦ની આસપાસ રહેશે.આ નોટબુકનું છુટક વેચાણ નહીં કરાય પણ કોઈ પણ શૈક્ષણિક સંસ્થા, જ્ઞાતિ સંસ્થાઓ, વિવિધ મંડળો પોતાની જરૂરિયાત મુજબની સંખ્યાનો ઓર્ડર નોંધાવી શકશે. આ બુકસ ડઝનના એકમમાં અપાશે. કોઈપણ સંસ્થા કે મંડળ ૫૦ કે તેથી વધુ ડઝનના ઓર્ડર નોંધાવી શકશે. ઓર્ડર આપતી વખતે દર ૫૦ ડઝને રૂા. ૫૦૦૦ લેખે ડિપોઝિટનો ચેક નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થાએ નામે એકાઉન્ટ પે આપવાનો રહેશે. માર્ચ ૨૦૨૬ના ત્રીજા અઠવાડિયામાં માંગણી મુજબ બુકસ અપાશે અને તે સમયે કુલ કિંમતમાંથી ડિપોઝિટ બાદ કરીને થતી રકમ પણ ચેકની આપવાની રહેશે. વિતરક સંસ્થા ડઝન દીઠ રૂા. ૧૦ વ્યવસ્થા ખર્ચના ઉમેરી જે તે વિદ્યાર્થીને વેચાણ આપી શકશે. આ માટે રસ ધરાવતી સંસ્થાઓએ પોતાની જરૂરિયાત મુજબ ઓર્ડર અને ડિપોઝિટના ચેક સાથે તા. ૧૦/૨/૨૦૨૬ સુધીમાં પોતાનો ઓર્ડર નોંધાવી શકશે. આ અંગે વધુ માહિતી માટે તથા આ યોજવામાં જોડાવા માટે ડો. અમિતભાઈ ઉપાધ્યાય, આચાર્ય, દીપક હાઈસ્કુલ, અમરેલી ફોન નંબર. ૯૪૨૭૭૪૪૪૯૫ તથા ૮૧૬૦૧૪૫૧૩૮નો સંપર્ક કરવા વિનંતી છે. અંત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પણ આ યોજનાનો સમગ્ર સમાજને ખૂબ લાભ મળેલ હતો. આવેલ સંસ્યા પ્રમાણે જ ઓર્ડર આપવાનો થતો હોય. ઈચ્છુક શાળા સંસ્થા કે મંડળ સત્વરે પોતાનો ઓર્ડર નોંધાવી દે તે જરૂરી છે.

શ્રી નાગનાથ ટ્રસ્ટ આ યોજના સમાજના લાભાર્થે હાથ ધરેલ છે. તેથી તેનો યોગ્ય ઉપયોગ થાય તે જોવાની જવાબદારી સૌની છે. સૌના સહકારની અપેક્ષા સાથે આ યોજના મૂકવામાં આવેલ છે. તેમ શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થાના અમરેલીના પ્રમુખ કિશોરભાઈ મહેતાની યાદી જણાવે છે.

### અયોધ્યા સ્થિત રામ મંદિરનાં ૨ વર્ષ પૂર્ણ થતાં

# અમરેલી ખાતે વિ.હિ.પ.નાં આગેવાનો દ્વારા રામજી મંદિરે મહાઆરતી યોજાઈ

## ''જય શ્રી રામ''નો નાદ ગુંજી ઉઠયો



અમરેલી, તા. ૨૮

રામ મંદિરના ૨ વર્ષ પૂરા થયેલ હોય વિહિન્દુ પરિષદ અમરેલી જિલ્લાના અધ્યક્ષ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ વિ હિન્દુ પરિષદ અમરેલી શહેર દ્વારા રામજી મંદિર અમરેલી ખાતે મહા આરતીનું આયોજન કરેલ. જેમાં જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતા, જિલ્લા કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી, વિ હિન્દુ પરિષદ શહેરના પ્રમુખ ભાવેશભાઈ કાબરીયા, મંત્રી પંકજભાઈ કાનાણી, ઉપાધ્યક્ષ અનિભાઈ વાઢેર, રવિભાઈ પંડયા અને મહેશભાઈ જળું તથા વિ હિન્દુ પરિષદના જવાબદાર હોદેદારો કેતનભાઈ ટાંક, શૈલેષભાઈ મકવાણા, લાલજીભાઈ ચાવડા, સાગરભાઈ વણજારા, આશિષભાઈ જોષી, દેવભાઈ જોષી, ઘનશ્યામભાઈ કાબરીયા, દિલીપભાઈ ડેર, આકાશભાઈ પરીખ, નીરજભાઈ ખૂબચંદાણી, મિતેશભાઈ મકવાણા, દિલીપસિંહ પરમાર અને વિ હિન્દુ પરિષદ અમરેલી શહેરના મીડિયા કન્વિનર જયેશભાઈ લીંબાણી અને વિ હિન્દુ પરિષદના કાર્યકર્તા સાથે રહીને મહા આરતી કરવામાં આવી.

### બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા તૈયારીઓ શરૂ

# પુ. મહંત સ્વામી મહારાજનાં ૯૨માં જન્મજયંતી મહોત્સવની થશે ઉજવણી

## સોમવારે વડોદરા ખાતે કાર્યક્રમ યોજાશે









અમરેલી, તા. ૨૮

તારીખ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ સોમવારના દિવસે સાંજે ૫:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરિમયાન બી.એ.પી.એસ.ના વર્તમાન અધ્યક્ષ મહંત સ્વામી મહારાજનો ૯૨મો જન્મજયંતી મહોત્સવ વડોદરામાં "એ.પી.એમ.સી. માર્કેટ નજીક, નેશનલ હાઈવે–૪૮'' ખાતે ભવ્યતાપૂર્વક ઉજવવામાં આવશે.

પ્રમુખ સ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે તેઓ બી.એ.પી.એસ. સંસ્થાના વૈકિ સેવાકાર્યોનું સુકાન સંભાળી રહ્યા છે. તેઓની નિશ્રામાં વિભરના ૧૮૦૦ થી વધુ મંદિરોમાં સનાતન વૈદિક ધર્મના સંસ્કારોનું જતન થઈ રહ્યું છે. વિના પશ્ચિમ ગોળાર્ધમાં સૌથી મોટા હિન્દુ મંદિર એવા રાબિન્સવિલ, ન્યૂજર્સીમાં સ્વામિનારાયણ અક્ષરધામથી લઈને મિડલ ઈસ્ટમાં સૌપ્રથમ પરંપરાગત હિન્દુ મંદિર એવા અબુ ધાબી સ્થિત "બી.એ.પી.એસ. હિન્દુ મંદિર'' જેવા અનેક મંદિરોના નિર્માણ દ્વારા તેમણે સનાતન પરંપરાનો અભૂતપૂર્વ જયઘોષ કર્યો છે.


આ મહોત્સવમાં ઈંગ્લેન્ડથી ગિનિસ વર્લ્ડ રેકોર્ડસના અધિકારીઓ દ્વારા સ્વામીનું બહુમાન કરવામાં આવશે.મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી. એસ. સંસ્થાના ૧૫,૦૦૦ કરતાં વધુ બાળકોએ સત્સંગદીક્ષા ગ્રંથનો સંસ્કૃતમાં સંપૂર્ણ મુખપાઠ કર્યો છે. મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત ૩૧૫ શ્લોકો ધરાવતો સત્સંગદીક્ષા ગ્રંથ ઉન્નત જીવનની પ્રેરણા પૂરી પાડે છે.બહુમાન ૨ : સમગ્ર વિમાં સૌથી વધુ હિન્દુ મંદિરોના વિક્રમી સર્જન કરવા બદલ પ્રમુખ સ્વામી મહારાજે ૨૦૧૬ સુધીમાં તેઓના સમગ્ર જીવનકાળ દરમિયાન ૧૨૦૦ હિન્દુ મંદિરોનું નિર્માણ કર્યું હતું. પ્રમુખ સ્વામી મહારાજ વતી મહંત સ્વામી મહારાજ આ બહુમાન સ્વીકારશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાને સાંસ્કૃતિક સિદ્ધિઓ માટે ૫ રેકોર્ડસ્ એનાયત કરવામાં આવ્યા છે.

મહંત સ્વામી મહારાજના ૯૨મા જન્મજયંતી મહોત્સવ ઉપક્રમે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અનેક વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં – લાભ પાંચમના દિવસે ૧૪૦ ઔદ્યોગિક એકમોમાં સંસ્થાના બાળવિદ્વાનો દ્વારા મહાપૂજા, સુરસાગર તળાવ ખાતે ૧૨૯૨ બાળ–બાલિકાઓ દ્વારા ૨૯૨ કુંડ પર વિશાંતિ યજ્ઞ, મહંત સ્વામી મહારાજના જન્મસ્થાન જબલપુરથી વડોદરા સુધી ૯૨ યુવાનો દ્વારા મશાલયાત્રા, મહારકતદાન કેમ્પ તેમજ બી.એ.પી.એસ. મહિલા પ્રવૃત્તિ અંતર્ગત ૭૨૦૦ જેટલી વિશિષ્ટ પ્રેરણા સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરા શહેરમાં હરિભકતો દ્વારા એક લાખ કરતાં વધુ ઘરોની રૂબરૂ મુલાકાત લઈ સૌ ભાવિકોને મહોત્સવમાં જોડાવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

મહોત્સવ સ્થળે અંદાજિત બે લાખ હરિભકતો ઉપરાંત દેશ–વિદેશના લાખો ભકતો–ભાવિકો આસ્થા ભજન ચેનલ અને live.baps.org તથા અન્ય પ્રસાર માધ્યમો દ્વારા આ કાર્યક્રમને માણી શકશે.

# આંબરડી સફારી પાર્ક અર્થાત ગીરના સિંહોનું પ્રવેશદ્વાર અને કુદરતના ખોળે શ્રેષ્ઠ પિકનિક સ્પોટ









અમરેલી–ધારી રોડ પર સ્થિત આંબરડી સફારી પાર્ક આજે પ્રવાસીઓ માટે મનગમતું સરનામું બની ગયું છે. વન્યજીવ સૃષ્ટિ અને કુદરતી સૌદર્યનો સમન્વય ધરાવતું આ સ્થળ પરિવારો માટે રજાઓ માણવાનું ઉત્તમ કેન્દ્ર છે. અહીં વન્યજીવોના સાનિધ્યમાં અનોખી રોમાંચક સફર થાય છે. સફારી આંબરડી સફારી પાર્કની સૌથી મોટી વિશેષતા અહીંના સુરક્ષિત સિંહ દર્શન છે. માત્ર સિંહ જ નહિ પરંતુ હરણ દીપડા જેવા પ્રાણીઓના પણ દર્શન થઈ શકે છે. વન વિભાગ ધ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલી બસ સુવિધા ધ્વારા તમે ખૂબ જ નજીકથી એશિયાટિક સિંહો, ચપળ દીપડા અને હરણોને નિહાળી શકો છો. જંગલના રાજાને મુક્ત અવસ્થામાં જોવાનો લ્હાવો પ્રવાસીઓ માટે યાદગાર બની રહે છે. બાળકો અને પરિવાર માટે મનોરંજનનો અઢળક ખજાનો. શહેરના ઘોંઘાટથી દૂર શુધ્ધ હવા અને મનમોહક વાતાવરણમાં વસેલા આ પાર્કમાં બાળકો માટે ખાસ 'કિડસ ઝોન' બનાવવામાં આવ્યો છે. સુવિધાઓ. આધુનિક હિંચકા, લપસણી અને રમવા માટે વિશાળ મેદાન. પરિવાર સાથે પિકનિક મનાવવા અને ફોટોગ્રાફી માટે આ શ્રેષ્ઠ સ્થળ છે. શ્રધ્ધા અને કુદરતનો અદભૂત સંગમ એટલે ગળધરા ખોડિયાર મંદિર. આંબરડીની મુલાકાત ત્યારે જ પૂર્ણ ગણાય જયારે તમે નજીકમાં આવેલા ગળધરા ખોડિયાર માતાજીના મંદિરના દર્શન કરો. કુદરતી સૌદર્ય જાણે કુદરતે છુટ્ટા હાથે વેર્યું હોય તેવું અનુપમ સ્થાન ખોડિયાર ડેમની નીચે વહેતા અવિરત ઝરણાં અને આસપાસની હરિયાળી મનને શાંતિ આપે છે. શાંતિનો અહેસાસ એટલે વન્ય સંપદા સાથે કુદરતીપણાનો અહેસાસ. ધારીના આ પવિત્ર સ્થળે કુદરતની અસીમ સુંદરતાના દર્શન થાય છે. પ્રકૃતિના દર્શન બાદ પ્રવાસીઓ ધારીમાં અસલ કાઠિયાવાડી ભોજનનો આનંદ માણી શકે છે. સ્થાનિક ફાર્મ હાઉસની મુલાકાત લઈને ગ્રામીણ જીવનશૈલીને નજીકથી સમજવાની આ એક ઉત્તમ તક છે. વન વિભાગ ધ્વારા પણ લોકોને અનુરોધ કરવામાં આવે છે કે ગીરના આ સુંદર પ્રવેશદ્વાર સમાન આંબરડી સફારી પાર્કની મુલાકાત લો અને કુદરતની જાળવણીમાં સહભાગી બનો.

# ચલાલા : ગાયત્રી એજયુકેશન ગૃપ દ્વારા ૭૭માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કુલ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ, સંસ્કૃત શક્તિ ગુરૂકુળના બાળકો ધ્વારા હરિબા કેમ્પસ ખાતે દેશના ૭૭માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી અત્યંત ઉત્સાહ, ગૌરવ અને દેશપ્રેમની ભાવનાથી કરવામાં આવી. ભારત ભૂષણ મહેશભાઈ મહેતાની દીકરી અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની સૌપ્રથમ ભૂતપૂર્વ વિદ્યાર્થીની ડોકટર બનીને આવેલ ઈશાબેન મહેતાના વરદહસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો અને કોલેજની દીકરીઓ ધ્વારા રાષ્ટ્રગાન સાથે નારા બોલાવી ૨૬મી જાન્યુઆરી પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સ્ટાફે રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશપ્રત્યેની પોતાની અખૂટ નિષ્ઠા વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના વધુ પ્રબળ બને તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના વડા પુ. સંત ડો.રતિદાદાએ દેશ પ્રત્યે પોતાની નિષ્ઠા તથા રાષ્ટ્રપ્રેમ વિષે બાળકોને ઉદબોધન આપ્યું હતું. ભારત ભૂષણ મહેશભાઈ મહેતા ધ્વારા ઉદબોધક પ્રવચન કરતા જણાવ્યું કે પ્રજાસત્તાક દિવસ આપણને અધિકારો સાથે–સાથે ફરજોની પણ યાદ અપાવે છે. તેમણે વિદ્યાર્થીઓને શિસ્તબધ્ધ અને જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરણા આપી હતી. સાથે જ તેમણે જણાવ્યું કે દેશની પ્રગતિમાં શિક્ષિત દીકરા–દીકરીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે અને આજની યુવા પેઢીએ આવતીકાલના સશક્ત ભારતના રચનાકાર છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ માટે આનંદદાયક શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લીંબુ–ચમચી, રસ્સા ખેચ, સિક્કા શોધ, કોથળા દોડ તથા સંગીત ખુરશી જેવી રમતોમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય,રક્ષા શક્તિ ગર્લ્સ સ્કુલ, સંસ્કૃત શક્તિ ગુરૂકુળ તથા હરિબા મહિલા કોલેજના દીકરા–દીકરીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતોનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનવવા ડાયરેકટર શીતલબેન મહેતા, આચાર્યઓ તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે ટીંબલા ગામે આવેલ સ.નં.૩૫ (જુનો સ.નં. ૬૨ પૈકી ૫)થી નોંધાયેલ સીમની ખેતીની જમીન જેના હેકટર ૧–૧૩–૧૮ આરે આકાર રૂપિયા ૭–૫૬ પુરતી ખાતા નં. ૧૪૪૮ વાળી સીમની ખેતીની જમીન રવજીભાઈ રાઘવભાઈ માયાણીના સ્વતંત્ર માલીકી હકકમાં ચાલે છે. સદરહુ સીમની ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય, સદરહું સીમની ખેતીની જમીન અંગે કોઈપણ બેંક, સંસ્થા કે વ્યકિતનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો કબ્જો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૭માં અમો નીચે સહી કરનાર પાસે લેખિત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું સીમની ખેતીની જમીન પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમો સદરહું સીમની ખેતીની જમીનનો કાયદેસરનો અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર રજુ થશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

અસીલની સુચનાથી તેમના વતી

તા.૨૮/૦૧/૨૦૨૬

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા – એડવોકેટ**
**ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી**
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૨ | ૧૬૫૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૩ | મગફળી | ૧૪૧૬ | ૧૪૧૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૪૩૦ | ૧૪૩૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૨૪૫ | ૧૬૩૫ |
| ૪ | શિંગ મોટી | ૧૧૮૦ | ૧૬૦૦ |
| ૫ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૮૩૫ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૩૪૦ | ૧૮૫૫ |
| ૭ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૧૫ |
| ૮ | તલ કાળા | ૨૦૦૦ | ૩૫૦૦ |
| ૯ | બાજરો | ૫૮૦ | ૫૮૦ |
| ૧૦ | જુવાર | ૯૬૦ | ૯૬૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૦ |
| ૧૩ | મગ | ૧૩૭૦ | ૧૩૭૦ |
| ૧૪ | અડદ | ૭૪૦ | ૧૩૯૫ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૬૫ |
| ૧૬ | ચણા દેશી | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૧૭ | સફેદ ચણા | ૯૯૫ | ૧૦૫૫ |
| ૧૮ | છોલે ચણા | ૧૩૦૦ | ૧૭૨૦ |
| ૧૯ | તુવેર | ૯૧૦ | ૧૬૫૫ |
| ૨૦ | કપાસ | ૯૭૫ | ૧૬૪૦ |
| ૨૧ | એરંડા | ૧૧૦૦ | ૧૨૪૦ |
| ૨૨ | જીરૂ | ૨૨૫૦ | ૪૩૮૫ |
| ૨૩ | રાયડો | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૨૪ | ધાણી | ૧૫૦૦ | ૨૦૦૫ |
| ૨૫ | મેથી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૨૬ | સોયાબીન | ૯૦૦ | ૧૧૦૫ |
| ૨૭ | મરચા લાંબા | ૧૮૯૦ | ૫૫૦૦ |
| ૨૮ | વરીયાળી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨૯ | કાંગ | ૫૧૫ | ૫૭૦ |
| ૩૦ | નવી ધાણી | ૧૬૨૫ | ૨૦૪૫ |

## કોંગી અગ્રણી શાંતીલાલ રાણવાએ અમરેલી જિલ્લાનાં નવનિયુકત કોંગ્રેસ પ્રમુખોને શુભકામના પાઠવી



અમરેલી, તા. ૨૮

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત દ્વારા મળેલ જિલ્લાના તમામ તાલુકા શહેરના પ્રમુખોની વરણી સર્વાનુમતે કરીને પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ મંજુરી આપવા બદલ જિલ્લા પ્રમુખ આ પ્રદેશ પ્રમુખનો આભાર માનેલ છે. અભિનંદન પાઠવ્યા છે.

જિલ્લામાં કોંગ્રેસ સંગઠનના વરાવેલ તમામ પ્રમુખોને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી. કોંગ્રેસ સંગઠનના કામે લાગી જવા અને આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી જીતવા કમર કસવા રાણવાભાઈએ હાંકલ કરી છે.

નવી મતદાર યાદી સુધારણામાં ભાજપ દ્વારા કોંગ્રેસના કમીટેડ વોટ જેવા દલીતો મુસ્લિમોના મળો રદ કરવા જે ઝુંબેશ હાથ ધરીને આ બે કામો માટે પોતાની ધૃણા જાહેર કરેલ છે તે લોકશાહી માટે સંવિધાન માટે ગંભીર બાબત હોઈ, આવી ખોટી રીતે નામો રદ કરવા સામે સતત જાગૃત રહીને તેની સામે લડવા તમામ મહેનત કરવા જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ શાંતીભાઈ રાણવાએ આહવાન કરેલ છે તમામ પ્રમુખોને ફરી અભિનંદન.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૩૧ | ૧૬૮૧ |
| ૨ | મગફળી | ૧૧૭૧ | ૧૫૧૧ |
| ૩ | ચણા | ૯૫૨ | ૯૫૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૮૦ | ૧૬૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૪૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૩૩૦ | ૧૬૩૦ |
| ૪ | ચણા | ૯૧૫ | ૧૦૩૫ |
| ૫ | જીરૂ | ૩૫૨૫ | ૪૪૫૫ |
| ૬ | ઘઉં | ૪૭૪ | ૫૩૬ |
| ૭ | તુવેર | ૧૦૧૫ | ૧૫૦૫ |
| ૮ | તલ કાળા | ૩૨૩૫ | ૪૪૪૫ |
| ૯ | તલ સફેદ | ૧૫૧૦ | ૨૦૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૬૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૬૭૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૫૧ | ૨૦૫૩ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૪૧૦૧ |
| ૫ | જીરૂ | ૪૩૦૦ | ૪૬૬૦ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૬૩૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૪ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૬૩૫ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ૧૧ | ચણા | ૯૧૦ | ૧૧૫૦ |
| ૧૨ | તુવેર | ૧૨૦ | ૧૬૨૦ |
| ૧૩ | એરંડી | ૧૦૫૦ | ૧૧૫૨ |
| ૧૪ | ધાણા | ૧૩૦૦ | ૧૭૦૫ |
| ૧૫ | સોયાબીન | ૯૫૦ | ૧૦૭૫ |

## પાના ૮ ઉપરનું ચાલું ધારીનાં દેવળા ગામના આધેડ

૪૭૫૬૯ ધારકે પુજા મોબાઈલ નં. ૮૮૨૪૩ ૬૭૮૭૭ની સાથે લગ્ન કરાવી આપવાની લાલચ આપી તેમજ પ્લોટ મકાન અને ફોરવ્હીલ આપવાની લાલચ આપી ખડૂત આધેડ પાસે અલગ–અલગ બેંકોમાં બેંક અકાઉન્ટ ખાતુ ખોલાવડાવી અને તે બેંક એકાઉન્ટમાં અલગ–અલગ તારીખોએ અલગ–અલગ રકમોની માંગણી કરી અને તે ખાતામાં રકમ જમા કરાવી તે દરેક બેંક એકાઉન્ટન ખાતામાંથી કુલ રૂપિયા ૮,૦૩,૬૦૦ બારોબાર ઉપાડી લઈ ખેડૂત સાથે ઓનલાઈન વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની ખેડૂતે એક મહિલા સહિત ત્રણ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સંકુલ ધો. ૧૧-૧૨
ગર્લ્સ સાયંસ બપોર
મિશ્ર સાયંસ સવાર
EM સાયંસ સવાર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
- Ad 183

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં વેપારીને ફટાકડાને બદલે

વર્ષીય વેપારી અમરેલી શહેરમાં સ્ટેશન રોડ ઉપર આવેલ અમૃત કોમ્પ્લેક્ષમાં પટેલ ટ્રેડર્સ નામે ફટાકડાનો વેપાર ધંધો કરતા હોય. જેઓએ ગત તા. ૯/૧૨/૨૫ થી તા. ૩૦/૧૨/૨૫ દરમ્યાન મોબાઈલ નં. ૭૦૬૫૪ ૧૭૨૬૩ તથા મોબાઈલ નં. ૮૯૨૦૨ ૫૦૭૮૮ વાળા આરોપીઓ દિલ્હીના ફટાકડાના બન્ને વેપારીઓ પાસેથી અમરેલીના વેપારીએ ફટાકડાનો માલ ૬૦ કાર્ટુન મંગાવેલ હતાં. જેનુ પેમેન્ટ રૂપિયા ૧,૯૮,૧૦૦ લઈ લીધા બાદ આરોપીઓએ પેમેન્ટ ઓળવી જઈ અને ફટાકડાના બદલે વેસ્ટ પ્લાસ્ટીકના ૬૦ કાર્ટુન મોકલી આપેલ હતાં. આમ બન્ને આરોપીઓએ અમરેલીના વેપારી સાથે રૂપિયા ૧,૯૮,૧૦૦ની છેતરપિંડી કર્યાની અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં નાગનાથ ચોકમાં ટ્રાફિક સમસ્યા

સિમેન્ટની મહાકાય કૂંડી પણ બિનાકા ચોકથી મુળદાસ ચોક જતી એસ.ટી. બસ માટે નડતરરૂપ બની રહી છે.

ટ્રાફિક સમસ્યાનાં નિરાકરણ માટે સીટી પીઆઈએ ટ્રાફિક જવાનોને જવાબદારી સોંપી હોય તેઓ ફરજ ઉપર પણ જોવા મળે પણ તેને માર્ગમાં નડતર રીક્ષા, ઈકો, સિમેન્ટની ટાંકી કે ફેરિયાઓ નજરે ચડતાં નથી. માત્ર ટ્રાફિક થતો હોય નજરથી નિહાળીને ફરજ બજાવતાં હોવાનો સંતોષ માને છે.

બીજી તરફ નાગનાથ મંદિરની દીવાલ નજીક તેમજ નાગનાથ બસ સ્ટેન્ડ નજીક કેબિનોની હારમાળા જોવા મળે. દિવસ દરમિયાન અવારનવાર ટ્રાફિકજામનાં દ્રશ્યો જોવા મળે છતાં કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવતી નથી.

### ગોપાલગ્રામ ગ્રામ પંચાયત તા. ધારી, જી. અમરેલી

### :: જાહેર નિવિદા ::

આથી તમામ જાહેર જનતાને જણાવવાનું કે, ગોપાલગ્રામ ગ્રામ પંચાયત હસ્તકના જર્જરીત કવાર્ટરની જાહેર હરરાજીથી નિકાલ નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળે જણાવેલ શરતોને આધીન કરવાની હોય, રસ ધરાવતા તમામ લોકોને આ હરરાજીમાં ભાગ લેવા જાણ કરવામાં આવે છે.

હરરાજી તારીખ : ૦૭/૦૨/૨૦૨૬, શનીવાર
હરરાજી સમય : સવારે ૧૦ થી ૧૨ કલાકે
હરરાજી સ્થળ : ગોપાલગ્રામ ગ્રામ પંચાયત કચેરી

શરતો : (૧) હરરાજીમાં ભાગ લેવા માંગતા માંગણીદારોએ હરરાજીના સમય પહેલા ડિપોઝીટ પેટે રૂા. ૫૦૦૦/– (પાંચ હજાર) જમા કરનાર જ હરરાજીમાં ભાગ લઈ શકશે. (૨) માંગણીદારે જર્જરીત કવાર્ટરની અપસેટ કિંમત રૂા. ૩૦૦૦૦/– (ત્રીસ હજાર) મુજબની માંગણી કરવાની રહેશે. (૩) વર્ક ઓર્ડર આપ્યાથી હરરાજીની જગ્યા માંગણીદારે દિન–૧૫માં ચોખ્ખી અને ખુલ્લી કરી આપવાની રહેશે. (૪) હરરાજી થયા બાદ કવાર્ટર પાડવાના સમયે જો કોઈ નુકસાની કે જાનહાનીનો બનાવ થશે તો તેની તમામ સંપુર્ણ જવાબદારી હરરાજીનું કામ રાખનારની રહેશે. (૫) હરરાજીમાં આખરી બોલી બોલનારે સ્થળ પર જ રકમ તાત્કાલીક જમા કરાવવાની રહેશે. (૬) અન્ય નિયમો, શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**નોંધ : અન્ય શરતોને આધીન**

**સરપંચશ્રી**
**ગોપાલગ્રામ ગ્રામ પંચાયત**
**મુ. ગોપાલગ્રામ, તા. ધારી જિ. અમરેલી**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૭૦ | ૧૫૫૧ |
| ૨ | મગફળી | ૧૧૪૫ | ૧૪૭૦ |
| ૩ | ઘઉં | ૫૧૧ | ૫૨૨ |
| ૪ | છોલે ચણા | ૧૭૧૦ | ૧૭૧૦ |
| ૫ | તુવેર | ૧૩૧૫ | ૧૫૩૧ |
| ૬ | ધાણા | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ૭ | શીંગદાણા | ૧૪૩૦ | ૧૬૧૧ |
| ૮ | સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૫૪ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૬ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૩ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ૫ | ધાણા | ૧૮૦૧ | ૧૮૧૦ |
| ૬ | જુવાર | ૭૩૦ | ૭૩૦ |
| ૭ | સોયાબીન | ૯૭૦ | ૧૧૧૨ |
| ૮ | મગફળી | ૧૧૬૦ | ૧૪૦૦ |
| ૯ | તુવેર | ૧૨૪૦ | ૧૩૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૫૨૦ | ૧૬૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૮૧૦ | ૧૯૨૦ |
| ૧૨ | બાજરો | ૨૫૦ | ૨૫૦૦ |
| ૧૩ | લસણ | ૪૨૦ | ૫૦૦ |
| ૧૪ | રજકાબી | ૧૦૦૦ | ૧૦૦૦ |

## જાહેર નોટિસ

**મોજે – મોરવાડા, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલી,**
**રે.સ.નં.૮ પૈકી ૨, હેકટર ૧–૬૧–૮૮, ખાતા નં.૬૮૭**
**રે.સ.નં. ૭ પૈકી ૪, હેકટર ૧–૨૨–૪૨, ખાતા નં.૬૮૬**
**રે.સ.નં. ૭ પૈકી ૫, હેકટર ૧–૨૩–૪૩, ખાતા નં.૬૮૬**

અમો **ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ)** આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે મોરવાડા, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલીની ઉપરોકત વિગતે ખેતીની જમીન ખાતા નં.૬૮૭ થી **વલ્લભભાઈ વાલજીભાઈ** તથા ખાતા નં.૬૮૬ થી **વિનોદભાઈ છગનભાઈ રંગાણી**ના નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી, હોવાનું જણાવી અમારા અસીલ ને વેંચાણ આપવાનું નક્કી કરેલ છે, આ જમીન સ્થળ ઉપર એક બીજાને લાગું છે એટલે કે સ્થળ ઉપર એક જ છે. આ જમીન ખાખરીયા રેલ્વે સ્ટેશનની સામે વિસ્તારમાં છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ–નીપજ/ ખેતી / ગણોત/લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦ માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર/વોટસ એપ થી નીચેના સરનામે /નંબર ઉપર કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૯/૦૧/૨૦૨૬**

**તે અમારા અસીલની સુચનાથી**

**ઠે. મેઈન બજાર, પુલ પાસે, મુ. વડિયા, (જી. અમરેલી) મો.૯૯૨૫૩ ૦૪૪૪૯**

**ચંદ્રેશ આર.રોશનીયા**
**(એડવોકેટ)**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૭૫ | ૧૪૪૦ |
| ૨ | તલ પીળા | ૧૯૬૦ | ૨૦૫૧ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૬૨૬ |
| ૪ | બાજરો | ૩૦૦ | ૩૭૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| ૬ | જુવાર | ૬૦૨ | ૧૧૭૧ |
| ૭ | મગ | ૮૫૦ | ૧૨૧૨ |
| ૮ | અડદ | ૮૫૦ | ૧૦૩૦ |
| ૯ | તુવેર | ૧૪૪૧ | ૧૫૫૧ |
| ૧૦ | સોયાબીન | ૯૬૦ | ૯૬૦ |

# બાબરાની પંચશીલ સ્કૂલમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણીઃ રાષ્ટ્રભકિતના રંગે રંગાયા વિદ્યાર્થીઓ








તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સ્થાનિક પંચશીલ સ્કૂલ ખાતે રાષ્ટ્રના ૭૭માં પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઈનામ વિતરણ જેવી ત્રિવેણી પ્રવૃત્તિઓએ વાલીઓ અને મહેમાનોના મન મોહી લીધા હતા. ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમનો પ્રારંભ કાર્યક્રમની શરૂઆત શાળાના મેનેજિંગ ડિરેક્ટર રમેશભાઈ ગોલેતરના હસ્તે ગરિમાપૂર્ણ રીતે ધ્વજવંદન કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું ઉદ્ઘાટન શાળા સંચાલક હિતેષભાઈ કવા, કાર્યક્રમ અધ્યક્ષ હરેશભાઈ વડાવિયા, પંકજભાઈ ઈન્દ્રોડિયા અને પ્રકાશભાઈ ગોલેતર દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષિકા નિશાદબેને શબ્દોના પુષ્પોથી તમામ મહેમાનોનું ભાવભર્યુ સ્વાગત કર્યુ હતું. શાળાના ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓએ દેશભકિત અને સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર તમામ વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરાયા હતા તેમજ રમત–ગમતઃ જિલ્લા અને રાજય કક્ષાએ શાળાનું નામ રોશન કરનાર ખેલાડીઓનું પણ વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. 'પરફેક્ટ પેરેન્ટ્સ' માટેના પંચસૂત્રી માર્ગદર્શન કાર્યક્રમના અધ્યક્ષ હરેશભાઈ વડાવિયાએ પોતાના પ્રવચનમાં ' પરફેક્ટ પેરેન્ટ્સ' માટેના પાંચ મહત્ત્વના સૂત્રો સમજાવ્યા હતા. તેમણે બાળક, પાલક અને સંચાલકની ત્રિપુટી વચ્ચેના સુમેળ અને જવાબદારીઓ પર ભાર મૂકી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, શંભુભાઈ પાંચાણી, પંકજભાઈ રામાણી અને પ્રકાશભાઈ ધોળકિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ આમંત્રિત મહેમાનોનું શાળા પરિવાર દ્વારા શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના હોદ્દેદારોના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક સરવૈયા દ્વારા સચોટ રીતે કરવામાં આવ્યું હતું. મેનેજિંગ ડિરેક્ટર રમેશભાઈ ગોલેતરના સતત માર્ગદર્શન હેઠળ શાળાના તમામ શિક્ષકોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને મહેમાનો માટે અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હોવાનું સંચાલક પ્રકાશભાઈ ગોલેતરની યાદીમાં જણાવાયું છે.

### સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા

## ચલાલા ખાતે પુ. વલકુબાપુ સહિત તમામનો આભાર માનવામાં આવ્યો

### જુમ્મા મસ્જીદનાં પ્રારંભે કોમી એકતા જોવા મળી

ચલાલા, તા. ૨૮

ચલાલા સમસ્ત મુસ્લિમ જમાત ધ્વારા મંહત મહારાજ વલકુબાપુ સહિત હિન્દુ સમાજ અને વ્હોરા સમાજનો દિલથી આભાર વ્યક્ત કર્યો. સમસ્ત સુન્ની મુસ્લિમ જમાતના લાખો લોકોના શ્રધ્ધા–આસ્થાના પ્રતિક સમા હાજી પીર શબ્બીર બાપુની પ્રેરણા અને સમસ્ત મુસ્લિમ જમાતની મહેનતથી સુફી સંતો અને દાનવીરોની પ્રવિત્ર ભુમી ગણાતા દાના ભગતના ચલાલામા અતિ આધુનિક સંમ્પુણ સુવિધાયુક્ત અને કલાત્મક



નવનિર્મિત જુમ્મા મસ્જિદ આકાર પામી. તેના ગૌરવપૂર્ણ ઉદ્ઘાટન સમારોહમા સમસ્ત સુની મુસ્લિમ જમાત ધ્વારા અપાયેલ નિમંત્રણને માન આપી હિન્દુ સમાજના લાખો લોકોના શ્રધ્ધા–આસ્થાના પ્રતિક સમા અંશાવતાર દાનમહારાજની જગ્યાના મહંત મહારાજ પૂજય વલકુબાપુ સહિત સમસ્ત હિન્દુ સમાજના આગેવાનો,સામાજિક સંસ્થાઓના વડાઓ,સમસ્ત વ્હોરા સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામા નગરજનો ઉપસ્થિત રહી હિન્દુ–મુસ્લિમ સમાજના અતુટ ભાઈ ચારાનું વધુ એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. અને દેશ દુનિયામા ભાઈચારો અને કોમી એકતાનો મજબુત સંદેશ આપ્યો છે.

## અમરેલી : ઓક્સફર્ડ સ્કુલમાં ૭૭માં પ્રજાસતાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા. ૨૮


૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરી નો દિવસ એટલે ભારત દેશના ઈતિહાસનો સુવર્ણ દિવસ આજથી ૭૬ વર્ષ પહેલા આજ દિવસે ભારત દેશનું બંધારણ અમલમાં આવ્યું અને ભારત દેશના નાગરિકોને તેમની ફરજો અને હકકોથી અવજ્ઞ કરવામાં આવ્યા તે દિવસ એટલે આપણો રાષ્ટ્રીય પર્વ તે અંતર્ગત આજરોજ અમારા સરસ્વતીના મંદિર સમી ઓક્સફર્ડ સ્કુલ ઓફ સાયન્સના પટાંગણમાં ૭૭માં પ્રજાસતાક દિનની ઉજવણી ખુજ ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવી જેમાં ધ્વજવંદનના આજના અમારા મહેમાન સંત દેવારામ બાપા આશ્રમ, ભેડા પીપળીયા ધામથી પધારેલ ઘનશ્યામ મહારાજ તથા ખેતાણી મોટર્સ અને ટ્રેક્ટરસના ભાઈ રાજીવભાઈ ખેતાણી તથા પધારેલ તમામ મહેમાનો તથા તમામ સ્ટાફ તથા તમામ વિદ્યાર્થીઓનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું ત્યાર બાદ ઘનશ્યામ મહારાજના વરદ હસ્તે ધ્વજ વંદન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું.ત્યારબાદ ભારતીય પ્રણાલી અને સંસ્કૃતિ મુજબ પધારેલ ઘનશ્યામ મહારાજનું પુષ્પમાળા તથા શાલથી મયુરભાઈ ગજેરા તથા પ્રહલાદભાઈ વામજા દ્વારા તેમજ રાજીવભાઈ ખેતાણીનું પણ શાલ અને પુષ્પહારથી કેતનભાઈ સભાયા અને હિરેનભાઈ સુતરીયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.ત્યારબાદ ધોરણ ૧૧




સાયન્સની વિદ્યાર્થીની કુ.કરકર પ્રાંચી અને આંબલીયા સાક્ષી દ્વારા સુંદર મજાનું દેશભકિતનું ગીત રજુ કરવામાં આવ્યું.અને આ પ્રસંગે ખાસ પધારેલ ઘનશ્યામ મહારાજ દ્વારા દેશની આઝાદી કેટલી મોંઘી છે અને તે મેળવવા જેમનું પણ બલિદાન છે તેમને પણ યાદ કર્યા અને વિદ્યાર્થીઓને જીવનમાં અભ્યાસનું શું મહત્વ છે તે સમજાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા.

અંતમાં શિક્ષણ વિભાગના નિલેષભાઈ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું તેવું ઓક્સફર્ડ સ્કુલ ઓફ સાયન્સના સંચાલક મંડળની યાદી જણાવે છે.

## રાજુલા ખાતે સાયબર ક્રાઈમ જાગૃતિ અંતર્ગત સેમિનાર યોજાયો

રાજુલા, તા.૨૮

શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આટર્સ તથા કોમર્સ કોલેજ ખાતે તા. ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ગ્રાહક સુરક્ષા તથા પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે સાયબર ક્રાઈમ અંતર્ગત એક સેમિનારનું આયોજન કરેલ જેમાંરાજુલા પોલીસ વિભાગના પી.એસ.આઈ. એસ.બી. જાની તથા યુ.એલ.આર.ડી.ભોળાભાઈ ભૂકણ તથા ડબલ્યુ.એ.પી.સી.પ્રિયંકાબેન જાની તથા સાયબર ક્રાઈમ વિષય તજજ્ઞ ભાવેશભાઈ ભાલીયા તથા કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેકટર ડો.જીગ્નેશભાઈ વાજા તથા અન્ય સુરક્ષા કર્મચારી સર્વેની ઉપસ્થિતિમાં સાયબર ક્રાઈમ અંતર્ગત એક સેમિનાર યોજાયો. જેમાં સ્વાગત તથા પ્રાસંગિક ઉદબોધન કોલેજ પ્રિન્સીપાલ ડો.રીટાબેન રાવળ કરેલ જેમાં આજ રોજ બનતા બિઝનેસ ફ્રોડ, જોબ ફ્રોડ, લોન ફ્રોડ, કસ્ટમર કેર ફ્રોડ, લિંક ફ્રોડ વગેરે વિશે માહિતગાર કર્યા હતા. ઉપરાંત વિષય તજજ્ઞ દ્વારા વધતા જતા ટેકનોલોજીના ઉપયોગોથી કઈ રીતે સાવધાન રહેવું? સતર્ક રહેવું કે વધુ પડતા મોબાઈલના ઉપયોગમાં અજાણી લિંકને સ્પર્શના કરવો તથા જયારે પણ આપણી માહિતીનો કોઈ દૂર ઉપયોગ કરી રહ્યું હોય ત્યારે પોલીસ સ્ટેશનના અધિકારીને જાણ કરવી. આપણી ઘણી બધી માહિતી ફોટા વગેરે લીક ન થાય તેના માટે આપણે સતર્ક રહેવા. આ ઉપરાંત માહિતીઓ ફોટા વગેરેને ગ્રુપ તથા અજાણ્યા વ્યક્તિ સાથે શેર ન કરવા અને કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા અપાતી ધાક ધમકીથી ડરવા કરતા સુરક્ષા માટે હેલ્પ લઈને નો ઉપયોગ કરી શકાય. ત્યારબાદ પી.એસ.આઈ.જાની મેડમ અભ્યાસુ બહેનોને અભ્યાસ પૂરતો મોબાઈલ ઉપયોગ કરવા જણાવેલ. સમગ્ર કાર્યક્રમના અંતમાં પ્રશ્નોતરી કરવામાં આવેલ. જેમના સંતોષ કારક ઉત્તર મળેલ. આભાર દર્શન પ્રો.નેહાબેન દરજીએ કરેલ.

## સાવરકુંડલા : જે.વી. મોદી હાઇસ્કુલના વિદ્યાર્થીની સિધ્ધિ



સાવરકુંડલા, તા. ૨૮

ભારતીય માંનાક બ્યુરો દ્વારા આયોજિત નેશનલ ક્વિઝ સ્પર્ધામાં જે.વી. મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલાના વિદ્યાર્થી માનવ સોલંકીએ ઉત્તમ પ્રદર્શન કરીને ભારતભરમા ચોથો રેન્ક પ્રાપ્ત કરી શાળા તથા શહેરનું ગૌરવ વધાર્યુ છે.આ સફળતા પાછળ BIS MANTERS સાવજ નીતિનભાઈનું મહત્વપૂર્ણ માર્ગદર્શન રહ્યું હતું. તેમના સતત પ્રોત્સાહન અને યોગ્ય માર્ગદર્શનના પરિણામે વિદ્યાર્થી આ સિદ્ધિ હાંસલ કરી શક્યો હોવાનું શાળાના વલણમાં જણાવાયું છે.શાળાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ જીતુભાઈ ભટ્ટે વિદ્યાર્થી માનવ સોલંકીને અભિનંદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા વ્યકત કરી હતી તેમજ માર્ગદર્શક અને સહયોગી સૌનો આભાર વ્યકત કર્યો હતો.આ તકે નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા તેમજ તમામ ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીને દિલથી અભિનંદન પાઠવી શાળ ા પરિવારની શૈક્ષણિક ગુણવત્તા અને માર્ગદર્શનની પ્રશંસા કરી હતી. આ સિદ્ધિથી શાળાના અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળશે અને શાળાનું નામ રાજય તેમજ રાષ્ટ્રીય સ્તરે ઉજાગર થશે તેવું સર્વે માન્યું હતું.

### સોમનાથ સ્વાભિમાન પર્વનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ

## વેરાવળ : ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીજનાં હેડ લાઈજનિંગ લક્ષેસ ગૌસ્વામીનું સન્માન

### જિલ્લા કલેકટર એન.વી.ઉપાધ્યાય દ્વારા સન્માન

અમરેલી, તા. ૨૮

સોમનાથ ખાતે યોજાયેલ ઐતિહાસીક અને ભવ્યાતિભવ્ય સોમનાથ સ્વાભિમાન પર્વને સફળ તાપૂર્વકઆયોજિત કરવા માટે ઈન્ડિયન રેયોન યુનિટ વતી સ્થાનિક વહીવટીતંત્ર સાથે રાત–દિવસ ખડે પગે રહીને સહયોગ આપવા બદલ ગ્રાસિમ ઈન્ડસ્ટીઝ લી. ના હેડ બાઈજનિંગ લક્ષેશ ગૌસ્વમીનું ૭૭માં પ્રજાસત્તાક પર્વ પર જિલ્લા કલેકટર અને.વી.ઉપાધ્યાય



ધ્વારા પ્રમાણપત્ર એનાયત કરીસન્માન કરવામાં આવ્યું.

### પુ.શ્રી ધીરગુરૂદેવની પ્રેરણાથી

## ચિત્તલ ખાતે વિ.હિ.પ. દ્વારા નેત્ર નિદાન અને દંત ચિકિત્સા કેમ્પ યોજાયો

### વિહિપ પ્રમુખ વિજય દેસાઈની ઉપસ્થિતિ રહી





અમરેલી, તા.૨૮

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ચિત્તલ ખાતે વિદ્યા ભારતી ટ્રસ્ટ ચિતલ અને રણછોડદાસ આંખની હોસ્પિટલ રાજકોટ, વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ – રાજકોટ તથા ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુકેશન રાજકોટ દ્વારા ઈન્દિરાબેન રસિકલાલ મહેતા અને સિદ્ધાર્થ મહેશ મહેતાની પુણ્યતિથિનિમિત્તે (ચિત્તલ વાળા) હાલ રાજકોટ મહેશભાઈ મહેતા પરિવાર અને સૌરાષ્ટ્ર દશાશ્રી માળી જૈન ભોજનાલય મુંબઈ સહયોગથી નેત્ર નિદાન કેમ્પ અને દંત ચિકિત્સા કેમ્પ વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો.

આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ લાલભાઈ દેસાઈ, દિનેશભાઈ કચ્છી, ચિત્તલના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા, વેપારી જગદીશભાઈ મોદી, લોક સાહિત્યકાર કૌશિકભાઈ દવે, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન જે.બી. દેસાઈ મહિલા અગ્રણી રંજનબેન બાબરીયા, છાયાબેન ગેડિયા વગેરે ઉપસ્થિત રહેલ.

આ નેત્ર યજ્ઞ ૮૦ દર્દીઓને તપાસવામાં આવેલ અને ૬૦ દર્દીઓને વિનામૂલ્ય દાંત સારવાર કરવામાં આવેલ અને ૨૫ દર્દીઓને બત્રીસી વિનામૂલ્ય કરી આપવામાં આવેલ.

આ કેમ્પને સફળ બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદ, વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ – રાજકોટ, ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુકેશન રાજકોટ, વિશ્વ હિન્દુ પરિષદ અને નેત્ર યજ્ઞ આયોજન સમિતિની ટીમના સભ્યો મેશ્યા, બીપીનભાઈ દવે, જીતુભાઈ વાઘેલા, ખોડભાઈ ધંધુકિયા, છગનભાઈ કાછડીયા, રવજીભાઈ, સંજયભાઈ લીમ્બાચીયા, વીડી લીબાસીયા, હસુભાઈ ડોડીયા, કનુભાઈ લીમ્બાચીયા વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પમા ડો.જયસુખભાઈ મકવાણા મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ, ડો. સંજય અગ્રાવત તેમજ રણછોડદાસ હોસ્પિટલ રાજકોટની મેડિકલ ટીમ સેવા આપેલ તેમ ટ્રસ્ટના પ્રમુખ ઈતેશભાઈ મહેતાની યાદીમાં જણાવેલ છે.




## ચિતલ રોડ ઉપરનું કામ ગતિમાં હોય ઠેબી જળાશય નજીક ભયાનક પરિસ્થિતિ

# બુધ્ધિનું પ્રદર્શન : અમરેલીમાં માટીનાં મસમોટા સ્પીડબ્રેકર બનાવાયા

એક તરફ ભયાનક ગોળાઈ પસાર કરીને અવનાર વાહનચાલકને દૂરથી ન દેખાય તેવા સ્પીડબ્રેકરનો સામનો કરવો પડે

માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ એકપણ સ્થળે નિયમ મુજબ સ્પીડબ્રેકર બનાવતા નથી

બનાવવાની જરૂર હોય તો નિયમ મુજબ ડામરનાં સ્પીડબ્રેકર બનાવી ઉપર સફેદ પટ્ટા તો લગાવો

એકપણ જનપ્રતિનિધિ જનતાનાં હિતમાં કાર્ય કરતાં ન હોવાથી માર્ગ–મકાન વિભાગને કોઈ પુછવાવાળુ નથી



અમરેલી, તા. ૨૮

અમરેલી શહેર જાણે કે અંધેરી નગરી હોય તેમ જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતા વચ્ચે માર્ગ–મકાન વિભાગ ધ્વારા નિયમોનો ઉલાળીયો કરીને બનાવાતા માર્ગોને લઈને શહેરનાં વાહનચાલકો માટે માર્ગો અગ્નિપથ સમાન બની ગયા છે.

શહેરમાં છેલ્લા થોડા મહિનાઓથી ચિતલ રોડ, વરસડા રોડને પહોળા અને નવા બનાવવાની કામગીરી આડેધડ કરવામાં આવી છે. માર્ગ કોણ બનાવે છે, કેવો બનાવવાનો છે, કયારે કામ પૂર્ણ થશે તેની વિગતો જાહેર કરાતી નથી. સુરક્ષાનાં તમામ નિયમોનો ઉલાળીયો ખુલ્લેઆમ થઈ રહ્યો છે અને એકપણ જનપ્રતિનિધિ સરકારી અધિકારીને પ્રશ્ન કરતાં નથી અને જાગૃત નાગરિકોને સરકારી અધિકારીઓ સત્તાનાં મદમાં જવાબ આપતા નથી.

દરમિયાનમાં અમરેલીનાં ચિતલ રોડ ઉપર એરપોર્ટની દીવાલ નજીક નવો માર્ગ બની રહ્યો છે. ઠેબી જળાશયની જોખમી ગોળાઈ પસાર કરીને શહેરમાં પ્રવેશ કરનાર વાહનચાલકોને માટીનાં બનેલ સ્પીડ બ્રેકરનો સામનો કરવો પડે છે. એક તો વન–વે હોય તેમાં માટીનાં સ્પીડ બ્રેકર દિવસે તો થોડા નજરે ચડે પરંતુ રાત્રિનાં સમયે માટીનાં સ્પીડ બ્રેકર વાહનચાલકને નજરે ચડતા ન હોય ભયાનક અકસ્માત થવાની શકયતાઓ જોવા મળી રહી છે.

માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓને નિયમ મુજબ માર્ગ બનાવવામાં અને સાથે સ્પીડ બ્રેકર બનાવવામાં શું પરેશાની થઈ રહી છે તે સમજાતું નથી. માર્ગ સુરક્ષા અંગે વાતાનુકુલિન કચેરીમાં માત્ર સુચનો, આયોજનો અને માર્ગદર્શન જ મળે છે. ગ્રાઉન્ડ ઉપર માર્ગ સુરક્ષાનો ખુલ્લેઆમ ઉલાળીયો થતો હોય તેવું સ્પષ્ટ રીતે જોવા મળે છે.

### પ્લોટ, મકાન, કાર આપવાની શરત સાથે

## ધારીનાં દેવળા ગામના આધેડ ખેડૂતનાં લગ્ન કરાવવાની લાલચ આપી છેતરપીંડી

**એક મહિલા સહિત ૩ વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ**

અમરેલી, તા. ૨૮

ધારી તાલુકાના દેવળા ગામે રહેતા અને ખેતી કામ કરત અશોકભાઈ બાલુભાઈ વસોયા નામનાં ૪૮ વર્ષીય આધેડને કોઈ અજાણ્યા વ્યકિત રવિ શર્મા જેના મોબાઈલ નં. ૯૯૯૨૯ ૩૭૫૬૧ ધારક તથા વિજય પ્રકાશ જેના મોબાઈલ નંબર ૮૧૦૭૯

**અનુસંધાન પાના ૬ ઉપર**

### દિલ્હીનાં બે વેપારીઓનું કારસ્તાન

## અમરેલીનાં વેપારીને ફટાકડાને બદલે પ્લાસ્ટીકનાં ૬૦ કાર્ટુન મોકલી દીધા

**રૂપિયા ૧.૯૮ લાખની છેતરપીંડી કરાતા ફરિયાદ**

અમરેલી, તા. ૨૮

અમરેલીના કેરીયારોડ ઉપર આવેલ રોકડવાડી શેરી નં. ૨ ‘નર્મદા ભુવન’ માં રહેતાં સંજયભાઈ ઠાકરશીભાઈ કથીરીયા નામનાં ૪૯

**અનુસંધાન પાના ૬ ઉપર**













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)